પ્રકાશક :
પૂ. પં. પદ્મવિજયજી ગણિવર
જૈનગ્રંથમાળાના
વ્યવસ્થાપકો

૧ શા. ચંપકલાલ ચતુરદાસ
ઠે. કાશીપુરા મુ. બોરસદ
વાયા—આણંદ

*

૨ શા. રસિકલાલ રામચંદ
પ્રવીણ બીલ્ડીંગ
અગ્રવાલની ખડકી સામે
રતનપોળ. અમદાવાદ

*

૩ શા. વિનોદચંદ્ર શાંતિલાલ
C/o આનંદ એન્જીનીયર્સ
૨૭૦૮, જળકૂકડી બીલ્ડીંગ
નીશાપોળ નાકે, રીલીફરોડ
અમદાવાદ

*

૪ બીપીનચંદ્ર એસ. શાહ
૧૨૪, જેચંદની ખડકી
માણેકચોક, ધાંચીની પોળ,
અમદાવાદ

પ્રકાશનમિતિઃ
સં. ૨૦૨૬ નકલ ૧૨૫૦
: પ્રાપ્તિસ્થાન :

○

૧ સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી, ૧ લે માળે
ઝવેરી બજાર, મુંબઈ-૨

○

૨ પંડિત ભુરાલાલ કાળીદાસ
C/o સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ
અમદાવાદ

○

૩ અમારી સંસ્થાના
વ્યવસ્થાપકો પાસેથી મળશે

○

★

મૂલ્ય: ૧-૦-૦

માણુસાનિવાસી

ધર્માત્મા પોપટલાલ છગનલાલ શાહ.

માણુસા ગામના તેઓ ગુણી અને આગેવાન સદ્ગૃહસ્થ છે. ખાનદાન અને [illegible] કુટુંબના વંશ છે. વિ. સં. ૧૯૫૬માં તેઓનો જન્મ થયો હતો. આજે તેમની ૫૦ વર્ષની પુખ્ત વય છે. તેમના પિતાશ્રી છગનલાલ ગુલાબચંદ ઘણા જ ધર્મિષ્ઠ હતા. તપસ્યા પ્રત્યે તેમને ખૂબ પ્રેમ હતો. જીવનમાં અનેક તપસ્યાઓ સાથે વર્ધમાન તપની ૫૦ ઉપર ઓળીઓ તેઓએ આરાધી હતી. પોપટભાઈ પોતાના પિતાશ્રી પાસેથી ખાસ તો ધનનો નહિ પણ ધર્મસંસ્કારનો વારસો પામ્યા હતા. ૧૮ વર્ષની વયે મુંબઈ જઈ નોકરીએ લાગ્યા. પિતા માણસામાં કાપડની દુકાન ચલાવતા હતા. [illegible] હતા. કેટલાક [illegible] મુંબઈ નોકરીમાં પછી પોપટભાઈએ માણસાની દુકાન સંભાળી. [illegible]

સામાન્ય રીતે [illegible] મન ગયું. [illegible] અને [illegible] લઈને ધાર્મિક [illegible] તપનો [illegible] પણ પોપટ-[illegible]

ઈ. ૧૯૫૦, [illegible]

ઈ. ૧૯૫૦, [illegible]

[illegible] લિપિ.

[illegible]

વિજયજી મ. સા. ની શુભનિશ્રામાં ચૈત્રમાસની ઓળી, અઠ્ઠાઇ મહોત્સવ, વીર કલ્યાણક વરઘોડો ચૈત્રી દેવવંદન વગેરે ધામધૂમ પ્રસંગે સદ્વ્યય કર્યો. આ પ્રસંગે વ્યાખ્યાનમાં ૪૦૦-૪૦૦ માણુસોની ઠઠ જામતી. પૂજાના ગંભીર ભાવો પૂ. મહારાજશ્રી સમજાવતા તેથી આ-બાલવૃદ્ધ સહુને અપૂર્વ આનંદ આવતો.

આ ઉપરાંત સ્કૂલ, કોલેજ તેમ જ અન્ય લૌકિક દાનમાં આશરે રૂ. ૫૦૦૦, વપરાયા હશે.

રોજ જિનપૂજા, ત્રણુ સામાયિક, બે ટંક પ્રતિક્રમણુ, દસ બાંધી નવકારવાળી, ધાર્મિક વાંચન, યોગ હોય તો વ્યાખ્યાન શ્રવણુ, તીર્થયાત્રાઓ, પૂજનીય સાધર્મિકોને તથા દીન દુઃખીને ગુપ્ત રીતે મદદ, ગુપ્ત રીતે અનાજનું દાન, પૂ. સાધુ સાધ્વીજીની ભક્તિ, નાની વયમાં વર્ધમાન તપની ઓળી વગેરેથી તેમનું જીવન સુવાસમય બન્યું છે. છેલ્લા બે વર્ષથી તેઓએ વ્યાપારમાંથી નિવૃત્તિ લીધી છે. ચતુર્વિધસંઘમાં જ્યાં સુકૃત દેખાય ત્યાં તરત જ અનુમોદના કરવાનો ખાસ ગુણુ તેઓમાં છે. જીવનમાં પ્રવેશી ગયેલા કેટલાક દોષો તથા સંસારની મમતા પ્રત્યે અંતરથી સુગ રહે છે.

પોપટભાઇનો ધર્મનિષ્ઠ આત્મા મોંઘેરા માનવજન્મમાં શ્રી જિનેશ્વરદેવનું શાસન પામી સાધવા લાયક સાધી જાય અને તેમના સુપુત્રો **બાબુભાઈ, શાંતિભાઇ, રમણુભાઈ, ચંદ્રકાંત** તથા સુપુત્રી **શારદાબેન** વગેરેનું વિશાળ કુટુંબ પણુ તેમનો ધાર્મિક વારસો સંભાળે એ આપણે ઇચ્છીએ.

તેમના વડિલ બાંધવ પૂ. મુનિરાજ શ્રી **મોક્ષાનંદ સાગરજી** મ. મોટી ઉંમરે ચારિત્ર આરાધી જીવન સફળ કરી ગયા. તેની અંત સુધી ભારોભાર અનુમોદના કરી પોપટભાઇ ભવાંતરમાં ચારિત્ર ધર્મને સુલભ બનાવે એજ અભિલાષા.

લિ. શા. બીપીનચંદ્ર શાંતિલાલ


સત્કૃતના સહભાગી

રૂ. ૩૦૧ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ જ્ઞાનખાતું

નડિયાદ.

અમારી ગ્રંથમાળા પ્રત્યે આત્મીય ભાવે નડિયાદ જૈનસંઘના ટ્રસ્ટીમંડળે જ્ઞાનભક્તિથી પ્રેરાઈને આ પ્રકાશનમાં પોતાના હસ્તકના જ્ઞાનખાતામાંથી રૂ. ૩૦૧ નો આર્થિક સહયોગ આપ્યો છે તે બદલ અમારી સંસ્થાવતી ઉપરોક્ત શ્રીસંઘ પ્રત્યે આભાર વ્યક્ત કરું છું.

લિ. સહસંપાદક રસિકલાલ શામચંદ શાહ



: વિષય દર્શન :

પુણ્ય પાપના પડછાયા:

[૧]

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ભદ્દીલપુર નામે નગર હતું. નગર ઘણું મનોહર હતું. ત્યાં અરિકેસરી રાજા રાજ્ય કરે છે. રાજાને કમલમાળા નામે પટરાણી છે. દાંપત્ય જીવનના વર્ષો વીત્યાં પણ રાજારાણીને કોઈ સંતાન ન હતું. એ માટે ઘણા દેવી દેવતાઓની પૂજા કરી, માનતા માની, બાધાઆખડી રાખી, પણ તેમનું ભાગ્ય નબળું હતું. પુરુષાર્થ નકામો ગયો, સંતાનપ્રાપ્તિની આશા સાકાર ન બની.

[illegible] ખીલેલા રાજાના બાગમાં આ એક [illegible] હતું. રાજા પાસે સંપત્તિ છે, [illegible] છે, [illegible] કીર્તિ ફેલાયેલી છે. પણ આખાયે [illegible] ખોળો ખૂંદનાર [illegible] નથી.

[illegible]

[illegible]

બધી જ સામગ્રી હતી. સ્ત્રીઓની ચોસઠ કલાનું જ્ઞાન–વિજ્ઞાન એણે મેળવ્યું. ધર્મકળાનો પણ સંપૂર્ણ અભ્યાસ કર્યો. કલાભ્યાસ પૂર્ણ થયો અને એણે યૌવનમાં પ્રવેશ કર્યો. એનું અંગે અંગ અનંગનું જાણે ક્રીડાસ્થાન બની ગયું.

ગુણસુંદરી રાજાને એકની એક પુત્રી છે વિનયનો ભંડાર છે. વિવેકની ખાણ છે. રાજકુલમાં સૌનું એ પ્રેમપાત્ર છે.

એક વાર માતાની અનુમતિથી ગુણસુંદરી રાજસભામાં ગઈ. પિતાને પ્રણામ કર્યા અને પિતાએ સૂચવેલા સ્થાને બેઠી.

સત્તા અને સંપત્તિ ભલભલાને અભિમાનમાં મશગુલ બનાવી દે છે. રાજા આરિકેશરી પણ એની અસરથી બાકાત ન હતો. ગર્વથી છકી ગયેલા રાજાએ આજે સભાજનોને પ્રશ્ન કર્યો–'નગરજનો! મારા રાજ્યમાં તમે સુખી છો તે કોના પ્રભાવે?'

આ પ્રશ્નથી સભામાં નિરવ શાંતિ છવાઈ ગઈ. સહુનું દિમાગ ઉત્તરની શોધમાં અટવાઈ ગયું. શું ઉત્તર આપવો....? ધર્મથી સુખી? પુણ્યથી સુખી? અમારા પુરૂષાર્થથી? ભગવાનની કૃપાથી સુખી કે રાજાની મહેરબાનીથી સુખી? શાથી સુખી? સૌ વિચારમાં ગરકાવ છે. ઠીક ઠીક સમય પસાર થયો પણ રાજાને પ્રત્યુત્તર મળ્યો નહિ. રાજા ચોમેર નજર ફેરવી રહ્યો છે.

રાજાની નજર એક બુઝર્ગ ઉપર પડી ને એ ઉભો થયો. એણે આ પ્રશ્નના પ્રત્યુત્તર માટે ખૂબ મથામણ કરી

પ્રાપ્તિની ઈચ્છા થોડીક વિસારે પડી છે. જીવન શાંત અને સ્વસ્થ રીતે પસાર થઈ રહ્યું છે.

એકવાર રાજા–રાણી આરામથી રાજમહેલના ગોખમાં બેઠા હતા. રાણીએ રાજાને કહ્યું–પ્રિયતમ! આપણાં ભાગ્ય જાગ્યાં લાગે છે આપ કોઈ પુત્ર કે પુત્રીના પિતા થશો એવા ચિહ્નો દેખાય છે. મેં ગર્ભ ધારણ કર્યો હોય એવું લાગે છે.

રાણીની આ વાત સાંભળી રાજા હર્ષિત થયો. એના મન ઉપવનમાં સંતાન પ્રાપ્તિની આશાના અંકુર ફૂટયાં. રાણીનો ગર્ભ વૃદ્ધિ પામી રહ્યો છે અને ગર્ભના પ્રભાવે સુંદર દોહદ–દોહલા થવા લાગ્યાં છે.

'જિનરાજની પૂજા રચાવું. યાચકોને દાન આપું. હાથીની અંબાડી પર બેસી સદ્‌ગુરૂના વંદન માટે જાઉં......'

રાજાએ રાણીના બધાં દોહદ પૂર્ણ કર્યા. સમય જતાં રાણીએ પુત્રીને જન્મ આપ્યો. રાજા રાણીને હર્ષ થયો, પ્રજામાં આનંદ છવાયો પણ રાજદંપતીએ પુત્રના બદલે પુત્રી થવાથી પોતાના ભાગ્યમાં થોડી ખામી માની.

રાજાએ પુત્રીનો જન્મોત્સવ ઉજવ્યો. અને નામ પાડયું ગુણસુંદરી. નામ પ્રમાણે સુંદરીમાં ઘણા ગુણો હતા. કલ્પવેલ વધે એમ એ મોટી થવા લાગી. આઠ વર્ષની વયે રાજાએ એને કલાચાર્ય પાસે ભણવા મૂકી.

ગુણસુંદરીમાં તીક્ષ્ણ બુદ્ધિ હતી. ખંત હતી. અધ્યયનની

દુઃખ જ ભોગવવું પડે. આપ મારા દુઃખ દૂર કરવા ખૂબ ખૂબ પ્રયત્નો કરો તોય દુઃખ જાય નહિ પણ આપના પ્રયત્નો બધા એળે જાય.

ગુણસુંદરીની આ ફીલોસોફી રાજાને ગમી નહિ. રાજા મનમાં સમસમી ગયો. રાજા પૂર્વગ્રહથી જકડાયેલો છે. સત્ય સ્વીકારવામાં એને સ્વમાન ઘવાતું દેખાય છે.

એના મનમાં સંતાપ ખૂબ વધી ગયો છે. એની વ્યાકુળતા એટલી બધી વધી ગઈ છે કે ગુણસુંદરી પ્રત્યેના હેતપ્રીત ઓસરી ગયા અને હવે એને કર્મના ફળ ચખાડવાની ગોઝારી તક એ શોધી રહ્યો છે.

આ ઘટનાને થોડા દિવસો વીત્યા ત્યાં એક દુઃખી અને દુર્બળ કઠિયારો રાજસભામાં આવ્યો.

દુઃખથી બળ્યાઝળ્યા પરદેશી કઠિયારાએ પોતાની દુઃખની કથની પૂરી કર્યા પહેલાં જ રાજાએ હજુરીયાને હુકમ કર્યો. જાવ હમણાને હમણાં ગુણસુંદરીને બોલાવી લાવો.

હજુરીયો મનમાં કાંઈક સમજી તો ગયો હતો. એ ધ્રુજતા પગે રાજકુંવરીના આવાસે ગયો અને કુંવરીને બોલાવી લાવ્યો.

ગુણસુંદરીએ રાજસભામાં આવી રાજાને પ્રણામ કર્યા અને વિનયભાવે ઉભી રહી.

રાજાએ ગુણસુંદરીને કહ્યું—લે તારા કર્મે આ પતિ આવ્યો છે. એનો હાથ ઝાલી સુખી થજે.

ચકોર ગુણસુંદરીએ તરત જ ભરી સભામાં હસતે મુખડે કઠિયારાનો હાથ ઝાલ્યો. એને શુભાશુભ કર્મ પર અટલ શ્રદ્ધા હતી. એ કુલીન રાજકન્યા પિતાએ નિર્દેશેલા પતિને વરવામાં જ માનનારી હતી. કઠિયારાએ રાજસભામાંથી ચાલવા માંડયું. ગુણસુંદરી ખૂબ પ્રસન્નમુદ્રાએ એની પાછળ પાછળ ચાલી ગઈ. રાજસભામાં સન્નાટો ફેલાઈ ગયો. અરે રાજાએ આ શું કર્યું ? સહુના દિલ રડી રહ્યા છે. રાજાને ભારે આનંદ થયો છે.

[૨]

કર્મે રાજવૈભવ છોડાવ્યો પણ ગુણસુંદરીના આત્મવૈભવને લૂંટવાની તાકાત કર્મમાં ન હતી. હવે કઠિયારો અને ગુણસુંદરી એ નગર છોડી દૂર દેશે ચાલ્યા જાય છે. અને વિજયવર્ધન નગરમાં જઇને તેઓ વસે છે. ગુણસુંદરી દેવની જેમ પતિને પૂજે છે. રાતદિવસ પતિની સેવા કરે છે.

પોતાનું દુઃખ રોવા રાજદરબારમાં ગયેલા કઠિયારાએ સમય સૂચકતા વાપરી રાજકન્યાનો હાથ ઝાલવાની હિંમત કરી હતી. કઠિયારો રાજપુત્રી ગુણસુંદરીને વર્યો. ત્યારથી લોકોએ એનું નામ .પુણ્યપાલ પાડી દીધું હતું અને ખરેખર તો હવે એનો પુણ્યોદય પણ જાગી ગયો હતો.

કઠિયારો રોજ લાકડાનો ભારો લાવીને વેચે છે. એનાથી એ બંનેનું ગુજરાન ચાલે છે.

ગુણસુંદરીને દુઃખ પડયું છે પણ તેથી એ દીન નથી. એનું સુખ ચાલ્યું ગયું છે. પણ સત્વ અને સતીત્વ ગયું નથી.

એક સોહામણું પ્રભાત ઉગે છે. નિત્યના ક્રમ મુજબ પુણ્યપાલ જંગલમાં લાકડા લેવા જાય છે. આજે એ જંગલમાં ખૂબ દૂર નીકળી ગયો છે. લાકડાં ભેગાં કર્યા. ભારો બાંધી મધ્યાહ્ન સમયે એ નગરમાં આવ્યો, બજારમાં જઈ કંદોઈને ત્યાં ભારો ગીરવે મૂકી બે જણનું ભોજન લઈ ઘેર આવ્યો. ભોજન કરી લીધું અને આરામ માટે બંને આડા પડયા છે. એવામાં ગુણસુંદરીને પતિના માથામાંથી જોરદાર સુગંધ આવી. શાની સુગંધ છે આ? વિચાર આવ્યો ને તરત જ એણે પારખી લીધું કે બાવના ચંદનની આ મહેક છે.

'પતિદેવ! આજે લાકડાનો ભારો કયાંથી લાવ્યા હતા?' ગુણસુંદરીએ પુણ્યપાલને પૂછ્યું.

આજે તો દૂર જંગલમાં ગયો હતો. ત્યાંથી લાવ્યો હતો. પુણ્યપાલે જવાબ આપ્યો.

'પ્રિયતમ! એ ભારો આપે કોને ત્યાં વેચ્યો?' ગુણસુંદરીએ પૂછ્યું.

'આજે ભારો વેચ્યો નથી. પણ કંદોઇને ત્યાં ગીરવે

મૂક્યો છે અને બદલામાં ભોજન લાવ્યો છું' પુણ્યપાલે કહ્યું.

'સ્વામીનાથ ! એ લાકડું ઘણું કિંમતી છે ચંદનમાં પણ બાવનાચંદનનું છે.' ગુણસુંદરીએ કહ્યું.

'હા, મને પણ એવું જ કંઈક લાગ્યું તેથી જ મેં વેચ્યો નથી.' પુણ્યપાલે ખુલાસો કર્યો.

હવે ગુણસુંદરીના મનમાં વિચારના ચક્રો ગતિમાન થયા...ભારો છોડાવી લેવો જોઈએ...ભારાનો માલ વેચીને એકઠી થયેલી રકમથી મજુરો રોકી બાવનાચંદનનું આખું ઝાડ ઘર ભેગું કરવું જોઈએ.

એણે બીજા દિવસથી જ કરકસર કરવા માંડી. નાણાં બચાવી ૪–૬ દિવસમાં જ ભારો છોડાવી દીધો. ભારાનું મોંઘું ચંદન ટપોટપ વેચાઈ ગયું. એમાં સારા પૈસા ઉપજ્યા. ગુણસુંદરીએ મજુરો રોકયા અને દૂર જંગલમાં રહેલું બાવનાચંદનનું આખું ઝાડ ઘર ભેગું કર્યું.

વિજયવર્ધનનગર સમૃદ્ધ છે. લોકો સુખી છે. ચંદન ઉંચી જાતનું છે. ગુણસુંદરી વેપારવણજમાં કુશળ છે. એની વાણીમાં ભારે મીઠાશ છે.

બાવનાચંદન સુગંધ અને શીતલતાનું અજોડ સાધન. એના રસિયા એ નગરમાં ઘણા હતા. બે ચાર ગ્રાહકો ચંદન લઈ ગયા. એથી આખા નગરમાં જાહેરાત થઈ ચૂકી. ગ્રાહકોની પડતાલ પડી. બધો જ માલ ચપોચપ ઉપડી ગયો.

પુણ્યપાલને ત્યાંથી બાવનાચંદનના ઢગલા ખાલી થયા અને ધનનાં ઢગલા ઉભરાયા.

પુણ્યપાલ–ગુણસુંદરીને આજીવિકા માટે હવે કષ્ટ કરવાની જરૂર રહી નથી. દિવસો આનંદમાં પસાર થઇ રહ્યાં છે. **દુઃખમાં જેમ ધર્મ સાથી હતો, તેમ સુખમાંય ધર્મ સાથી છે.**

ચંદ્ર અને ચકોરની જેમ બંનેની પ્રીતિ ગાઢ બની ગઈ છે. પુણ્યપાલ પણ એક ખાનદાનકુળનો નબીરો હતો. કુટુંબમાં સહુ મરી પરવાર્યા હતા. માલ–મિલ્કત લૂંટાઈ ગઈ હતી. ઘરબાર લુંટાઈ ગયા હતા. અશરણ અને અસહાય બનેલા એને પરદેશ ખેડવાની ફરજ પડી હતી. ગુણસુંદરીને ખ્યાલ આવી ગયો હતો કે મારા પુણ્યે મને કુળવાન ખાનદાન પતિ મળી ગયો છે. એને પતિના મહાન ગુણોનો પરિચય થઈ ચૂક્યો છે. પતિની મહાન સજ્જનતા પ્રત્યે એનું મસ્તક હંમેશાં નમેલું રહે છે. હવે એની કર્મસિદ્ધાંતની માન્યતા પણ વિશેષ દૃઢ બની ગઈ છે.

પુણ્યપાલને પણ ગુણસુંદરીના સતીત્વ પ્રત્યે ખૂબ માન ઉપજ્યું છે. એની દરેક કાર્યની ચતુરાઈએ અને જિનભક્તિએ પુણ્યપાલને આશ્ચર્યમુગ્ધ બનાવી દીધો છે.

હવે ખામી હતી માત્ર પુણ્યપાલ અભણ હતો એની ....ગુણસુંદરીએ એક દિવસ પુણ્યપાલને કહ્યું, 'દેવ ! હવે આપ નિવૃત્ત છો. આજીવિકાની ચિંતા રહી નથી. તો થોડો વિદ્યાભ્યાસ કરી લો. હું આપને ખૂબ સરસ રીતે ભણાવીશ.'

પુણ્યપાલને પણ પોતાની એ ખામી ખૂંચતી તો હતી જ.

શુભ દિવસે પુણ્યપાલે જ્ઞાનની ઉપાસના શરૂ કરી. ગુણસુંદરી રોજ એમાં ઉત્સાહ પૂરતી જાય છે. ખૂબ રસપૂર્વક ભણાવે છે. પુણ્યપાલ પણ ભણવા માટે જાણે બાળક બની ગયો છે. થોડા જ સમયમાં એ લખતા વાંચતા શીખી ગયો. ગણિતમાં નિપુણ બની ગયો. કાપડ અને કરિયાણાની પરીક્ષા કરતો થઈ ગયો. અને લેણદેણના કાર્યમાં પણ કુશળ બની ચૂકયો. જિનધર્મ એ તો ગુણસુંદરીનો પ્રાણ હતો. એથી અક્ષરજ્ઞાન અને વ્યાપારકળા સાથે ધર્મજ્ઞાન અને ધર્મશ્રદ્ધાનું અમી પણ એણે પોતાના પતિને પાઈ દીધું હતું.

પુણ્યપાલને જ્ઞાનનો રસ લાગી ગયો છે. ધર્મનો રંગ પણ લાગ્યો છે. એ બંનેમાં એણે પ્રગતિ સાધવા માંડી છે.

પુણ્યનો ઉદય શું કામ કરે છે? માતાપિતા વગરનો, કુટુંબથી વિખૂટો પડેલો, દેશપરદેશ ભટકતો અને કઠિયારો બની ગુજારો કરતો એક અભણ, રાજાની કુંવરી પરણે છે. એ કુંવરી પણ કેવી? આ મુફલીસની, દેવની જેમ ચાકરી કરે છે. એને ભણાવે છે. ધર્માત્મા બનાવે છે. ભાગ્યની કેવી અજબ લીલા! ભાગ્યની આડે રહેલું પાંદડું ખસે છે ત્યારે ડગલે ને પગલે ઈષ્ટ આવી મળે છે અને અનિષ્ટ દૂર ભાગે છે.

ગુણસુંદરી એકવાર ઘરનો કચરો સાફ કરી રહી હતી એવામાં એમાંથી એક જૂનો લેખ એના હાથમાં

આવ્યો, લેખ વાંચ્યો તેમાં સાત ઔષધિના મિશ્રણથી સુવર્ણ બનાવવાની પ્રક્રિયા લખેલી હતી,

ગુણસુંદરીએ પુણ્યપાલને લેખ વંચાવ્યો. અને સુવર્ણ સિદ્ધ કરવાની ઇચ્છા દર્શાવી—પુણ્યપાલ એમાં સંમત થયો.

ગુણસુંદરીએ પ્રયોગ હાથ ધર્યો. એ સિદ્ધિના સોપાન ચઢી રહી છે. ત્યાં એના મનમાં સંકલ્પ જાગ્યો. જો સુવર્ણ સિદ્ધ થશે તો સુંદર જિનમંદિર બંધાવીશ. પરમતારક શ્રી જિનેશ્વરદેવનું મનોહર બિંબ ભરાવીશ. એણે આ સંકલ્પ પુણ્યપાલને જણાવ્યો. પુણ્યપાલે એના સંકલ્પને વધાવી લેતા કહ્યું, 'પ્રિયે! તને ખૂબ સરસ સંકલ્પ જાગ્યો છે. લક્ષ્મી તો પાપ જ છે. કદાચ મળી જશે તો આવું પુણ્યાનુબંધીપુણ્યનું કામ કરી એને પુણ્યલક્ષ્મી બનાવી દઇશું. તારા વિચારમાં હું પૂરેપૂરો સંમત છું.

ગુણસુંદરીનો આનંદ હિલોળે ચઢયો.

તેઓ બંને પરસ્પરના સદ્‌ગુણ જોઈ રહ્યા છે.

પરસ્પરની પ્રીતિ વધુ ને વધુ ગાઢ બની રહી છે. જીવન જીવવાની આ પણ એક કળા છે ને? પરસ્પરના સદ્‌ગુણ જોવાની કળા જગત શીખી જાય તો જગતનો કાયાકલ્પ થઈ જાય. કોઈ સારી ભવિતવ્યતાના કારણે બંનેને પુણ્ય અને પરમાર્થના વિચારો સૂઝે છે.

ગુણસુંદરીએ સુવર્ણ રસનો પ્રયોગ થોડા દિવસમાં સિદ્ધ કર્યો. જે ઘરમાં હાંલ્લા ખખડતાં હતા એ ઘરમાં ધનના ઢેર થયા.

શીલવતી સન્નારીના સહયોગથી પુણ્યપાલમાં ધર્મ વધ્યો, ધન વધ્યું, દાન વધ્યું, જ્ઞાન વધ્યું અને એનો સુયશ પણ ફેલાયો. ધન વધવા છતાં ખૂબી એ હતી કે એ અભિમાન કે અક્કડતા લેશ પણ વધી નથી. એ નગરનો રાજા પણ આ પરદેશી માનવરત્નોને સન્માન આપે છે. પોતાના રાજ્યના અલંકાર સમજે છે. વિપત્તિમાં અને સંપત્તિમાં પુણ્યપાલની એક સરખી નમ્રતાએ રાજાને પણ કામણ કર્યું છે. જેમ જેમ પુણ્યના ફળ મળતા જાય છે. તેમ તેમ સજ્જનો વધુ નમ્ર બનતા હોય છે. પુણ્યપાલની નમ્રતાએ રાજા જેવા રાજાને પણ કામણ કર્યું છે.

[૩]

ધર્મશીલ પુણ્યપાલ પુણ્યયોગે રાજા અને પ્રજાના ચિત્તમાં વસી ગયો છે. જ્યારે પુણ્યપાલના ચિત્તમાં હવે જિનમંદિર બંધાવવાના વિચારો રમી રહ્યા છે. કેવું જિન-મંદિર બંધાવું? ઉંચા ઉંચા શિખરો જાણે આભને અડી ગયા હોય એવું....શિલ્પકળા અને કોરણીવાળું....સ્થંભ અને તોરણોથી શોભતું..જોતાં જ જાણે ભવસાગર તરવા માટેનું જહાજ હોય એવો ભવ્યાત્માઓને ભાસ કરાવતું...બસ આવું સુરમ્ય જિનમંદિર શાસ્ત્રોક્ત વિધિ મુજબ હૈયાના ઉમંગે બંધાવું...પુણ્યપાલના મનમાં જિનમંદિર બંધાઈ ગયું.

જિનમંદિરના વિચારમાં ને વિચારમાં એ ઊભો થયો. એણે ખજાનો ખોલ્યો અને સુંદર રત્નો કાઢયા. રત્નોથી થાળ ભર્યો. આ બધું ક્ષણવાર જોઈ રહ્યા પછી ગુણસુંદરીએ

પૂછયું—પ્રાણેશ્વર ! બહુ ઉંડા વિચારમાં આપ ચઢી ગયા છો ? આપે આ શું કરવા માંડયું છે ? થાળ ભરીને આ કિંમતી રત્નો કેમ કાઢયા છે ?

જિનમંદિરના પ્લાનને મનોમન સાકાર બનાવતા પુણ્યપાલે આંખ ઉંચી કરીને પ્રિયા સામે આછું સ્મિત વેર્યું અને તે બોલ્યો–દેવી ! આજે રાજદરબારમાં જવું છે. રાજાને રીઝવવો છે. રાજા પાસેથી શ્રી જિનેશ્વરદેવના મંદિર માટે વિશાળ જગ્યા મેળવવાની છે. હું થાળમાં રત્નો ગોઠવું છું. ત્યાં સુધીમાં તું તૈયાર થઇ જા. રાજદરબારમાં આપણે સાથે જવાનું છે.

ગુણસુંદરીના રોમેરોમમાં આનંદ વ્યાપી ગયો. એ અરિહંતની પૂજારણ હતી. પતિપરાયણ હતી. આ વાત સાંભળતા જ એના હૃદયમાં પતિ પ્રત્યે ભક્તિના ફુવારાં ઉછળ્યાં. પવન વેગે એને સ્નાન કર્યું અને વીજળી વેગે વસ્ત્ર અને અલંકાર સજી પુણ્યપાલ પાસે એ હાજર થઈ. સાથેના સેવકે રત્નનો થાળ ઉપાડી લીધો અને તેઓ રાજમહેલ તરફ ચાલ્યા. રસ્તામાં પુણ્યપાલે ગુણસુંદરીને જિનમંદિરના પ્લાન સંભળાવવા માંડયાં. એ પ્લાન એક એકથી ચઢીયાતા હતા. ગુણસુંદરીની આંખ સામે એ તરવરી રહ્યા છે. અંતરમાં સાકાર બની રહ્યા છે. ત્યાં પુણ્યપાલ અને ગુણસુંદરી રાજમહેલના દ્વારે આવી પહોંચ્યાં. વાત અધૂરી રહી.

દ્વારપાળે આ દંપત્તિને પ્રણામ કર્યાં અને તરત જ

એ રાજા પાસે દોડી ગયો. એણે રાજાને ખબર આપી કે
આપને મળવા પુણ્યપાલ શેઠ રાજદ્વારે આવીને ઉભા છે.

મોકલ, જલ્દી મોકલ, એ પુણ્યપાલને જલ્દી અંદર
મોકલી આપ. રાજાએ ભારે આનંદ અને ઉમંગથી દ્વાર-
પાળને કહ્યું. દ્વારપાળ પાછો ફર્યો. બહાર આવીને દ્વારે
ઉભેલા દંપતિને એણે પ્રણામ કર્યા અને કહ્યું, પધારો. રાજાજી
પણ આપને મળવા આતુર છે.

પુણ્યપાલ અને ગુણસુંદરીએ શ્રી નમસ્કારમહામંત્રનું
સ્મરણ કરીને રાજમહેલમાં પ્રવેશ કર્યો. રાજસભામાં જઈ
રાજાને પ્રણામ કર્યા. પુણ્યપાલનાં સેવકે રત્નનો થાળ રાજા
આગળ મૂક્યો. પુણ્યપાલે થાળ ઉપર ઢાંકેલો રૂમાલ લઈ
લીધો. રાજસભામાં ક્ષણવાર રત્નોના પ્રકાશની ચમક ફેલાઈ
ગઈ. રાજાએ નિર્દેશેલા આસને પુણ્યપાલ અને ગુણસુંદરી
બેસી ગયા. પુણ્યપાલે રાજાને કુશળ પૂછ્યું. રાજાએ સ્મિત
કરી હકાર સૂચક મસ્તક ધુણાવ્યું.

આજે સભાજનોની હાજરી અલ્પ સંખ્યામાં હતી.
કામ પતાવી સહુ ચાલતા થઈ ગયા. ત્યારબાદ પુણ્યપાલ
અને રાજા વચ્ચે વાર્તાલાપ ચાલુ થયો. પ્રજાના સુખ દુઃખનો
પ્રશ્ન છેડાયો. પુણ્યપાપની વાતો નીકળી. પુણ્યપાપની લીલા
અજબ છે. જગતનો કોઈ પણ ભોગ કે ભોગ સામગ્રી, સુખ
કે સગવડ પુણ્યથી જ મળે. પુણ્ય વિના એ ન જ મળે.
પણ એને મેળવવાની ઈચ્છા એ પાપ, સુખ સગવડ લેવી

એ પાપ, એને માટેની મહેનત એ પાપ, અને ભોગવવી એ પણ પાપ અને વળી એને મેળવવા ભોગવવા જેવી માનવી એ તો મહાપાપ છે...સંસારના આ ક્ષણિક સુખ અને એ સુખની સામગ્રી પાછળ ગાંડો બનેલો માનવી સજ્જન તરીકે અથવા સદ્‌ગૃહસ્થ તરીકે જીવન જીવી શકતો નથી.

પૂર્વનું પુણ્ય પણ અનુકૂળ દ્રવ્ય મળે, અનુકૂળ ક્ષેત્ર મળે, અનુકૂળ કાળ મળે, અનુકૂળ ભાવ મળે અને અનુકૂળ ભવ મળે તો ફળે. આમાંનું કશું અનુકૂળ ન મળે અથવા વિપરીત મળે તો પુણ્ય પાપમાં પલટાઈ જાય અથવા બેલેન્સમાં પડયું રહે.

મને એવા કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુકૂળ મળી ગયા કે જનમનો દરિદ્રનારાયણ હું, અરિકેસરી રાજાના રાજ્યમાં ગયો અને ત્યાં મારા જીવનની સૂરત પલટી નાંખે એવું આ નારીરત્ન મળ્યું. આપના રાજ્યમાં આવ્યો ને ધનના ઢગલા થયા અને જ્યારે ભગવાન અરિહંતનો ધર્મ મળ્યો તેમજ અરિહંતની ભક્તિનો રંગ લાગ્યો ત્યારથી રાજન્! અમારૂં પુણ્ય ફળ્યું છે કાંઈ! ફળ્યું છે કાંઈ!

શિરછત્ર! અમારે તો હવે જીવનમાં એ દેવાધિદેવ અરિહંતની અનુપમ ભક્તિ કરી અમારા આત્માને સાધુ-ધર્મને લાયક બનાવવો છે. આ પુણ્યમાં કે સુખમાં સહેજ પણ રાચવું નથી. રાચવા જેવું એમાં બળ્યું છે પણ શું?

પુણ્યપાલ! તમે અરિહંતને તમારા ઈષ્ટદેવ માનો છો? રાજાએ પૂછ્યું.

હા, રાજન્! અરિહંત અમારા પરમ ઇષ્ટદેવ છે.

પુણ્યપાલ! એ અરિહંતદેવનો થોડો પરિચય મને ન આપી શકો? રાજાએ કહ્યું.

જરૂર આપી શકું, પુણ્યપાલે કહ્યું.

અરિહંતનો ભક્ત જ્યારે અરિહંતના ગુણ ગાવા બેસે ત્યારે કેવા રસથી ગાય? બાકી રાખે કાંઈ?

પુણ્યપાલે અરિહંતદેવનો પરિચય આપવાની શરૂઆત કરી.

મહારાજા! અરિહંત એટલે જગતમાં સહુથી મોટા દેવ. સ્વર્ગલોકવાસી દેવો અને ઈન્દ્રો પણ જેમની સેવા માટે દોડાદોડ કરે છે. તેથી એ દેવાધિદેવ કહેવાય છે. જેમણે આત્માના દુશ્મનો રાગ-દ્વેષ, મોહ, અજ્ઞાન, કામ, ક્રોધ, માન-મદ, હર્ષ વગેરેને નિર્મૂળ કરી વીતરાગતા પ્રાપ્ત કરી છે. દુઃખમાં સબડતા વિશ્વના પ્રાણી માત્રને જોઇ જેમના અંતરમાં અસીમ કરૂણા ઉભરાઇ હતી. એ કરૂણાના બળે એમણે શુભકર્મ ઉપાર્જ્યું અને જગતના જીવોને, સર્વથા દુઃખ મુક્ત બની અનંત સુખમય મોક્ષ મળે તેવો ધર્મ માર્ગ બતાવ્યો.

જે અરિહંતપ્રભુના નિર્મળ આત્મતેજનું યોગીઓ પણ ધ્યાન ધરે છે. જેમની પૂજાભક્તિ અને દર્શન લાખો ભવોના પાપ ખપાવી દેવા સમર્થ છે. એ અરિહંતનું સ્વરૂપ એવું સુંદર છે કે જેનો ક્ષણવાર વિચાર કરીએ

ને આપણા ચિત્તને આરામ મળી જાય, ચિત્તના દોષો શમી જાય. અનંત આત્માઓ આ અરિહંતદેવની ભક્તિ કરી સંસારના સંતાપથી પર બની ગયા છે. બની રહ્યા છે અને બનશે...

અરિહંતનું આ સ્વરૂપ સાંભળી રાજા તાજુબ થઇ ગયો. એના અંતરમાં અરિહંત વસી ગયા અને અરિહંતની ભક્તિ માટે તાલાવેલી જાગી.

પુણ્યપાલ! અત્યારે સદેહે આવા કોઈ અરિહંતદેવ હાલ વિદ્યમાન છે ખરા? રાજાએ પૂછયું.

ના જી, અત્યારે વિદ્યમાન કોઇ અરિહંત પરમાત્મા સદેહે અહીં નથી પણ તેઓના ભક્તો ભવ્ય મંદિરોમાં અરિહંતની સુંદર મૂર્તિ પધરાવી એ મૂર્તિ દ્વારા દર્શન, પૂજન, ભક્તિ, ધ્યાન આદિ ઉપાસના કરે છે. એમના નામનો જાપ કરી પાપ ખપાવે છે. પુણ્યપાલે કહ્યું.

પુણ્યપાલ! અહીં કોઈ અરિહંતનું મંદિર કે તેના ઉપાસકો છે? રાજાએ પૂછયું.

ના રાજન્! અહીં કોઇ અરિહંતનું મંદિર કે અમારા સિવાય બીજા કોઇ ઉપાસકો દેખાતા નથી. અમે હંમેશા અરિહંતની ઉપાસના કરીએ છીએ પણ મંદિરના અભાવે માત્ર તેમના નામનો જાપ, ધ્યાન, સ્તુતિ કે સ્તવનો દ્વારા ઉપાસના કરીએ છીએ. મંદિર, મૂર્તિ અને પૂજન વિનાની અધૂરી ભક્તિ–ઉપાસના અમને ખૂબ સાલે છે–પુણ્યપાલે કહ્યું.

રાજા વિચારમગ્ન બની ગયો. હું કેવો નિર્ભાગી...! આવું ખામીવાળું મારું ભાગ્ય? જગતમાં જેનો જોટો ન મળે એવા અરિહંત ભગવાનને હું ન ઓળખું? એ પરમાત્માનું મારા રાજ્યમાં....નગરમાં મંદિર નહિ....? અને વીતરાગતા ભરી શાંતરસની છોળો ઉછાળતી મૂર્તિના પાવન દર્શન મને કે મારી પ્રજાને ન મળ્યા....? પુણ્યપાલ ખરો ઉપકારી મળ્યો. આજે એણે મને પરમાત્મતત્ત્વનું સુંદર દર્શન-ભાન કરાવ્યું....

આ બાજુ પુણ્યપાલ હવે પોતાની વાત મૂકવાની તક જોઈ રહ્યો છે. એણે રાજાની ચાલુ વિચારધારામાં વાત મૂકી....દેવ! અમારે ઘણા સમયથી શ્રી અરિહંત ભગવાનનું મનોરમ મંદિર અને મનોહર મૂર્તિ બનાવવાનો વિચાર છે. પણ આપની મહેરબાની હોય તો જ તે બની શકે ને?

વિચારમગ્ન રાજાએ નીચી ઢાળેલી આંખ ઉંચી કરી અને તરત જ પ્રત્યુત્તર આપ્યો, પુણ્યપાલ! આવા કામમાં મારી મહેરબાની જ હોય ને? જેમ બને તેમ જલદી તમારો મનોરથ પૂર્ણ કરો. જેથી મને અને મારી પ્રજાને પણ એ તારણહારના દર્શન, પૂજન અને ભક્તિનો લાભ મળે.

'રાજન્! જિનમંદિર માટે નગરની મધ્યમાં સુંદર જગ્યા મળવી જોઈએ' પુણ્યપાલે કહ્યું.

પુણ્યપાલ! ઘણી જગ્યાઓ છે. જોઈ લો અને પસંદ પડે તો કહો. રાજ્યની માલિકીની હશે તો મેં આપી દીધી.

બીજા કોઈ પ્રજાજનની હશે તો અપાવી દઈશ, રાજાએ કહ્યું.

જી, જગ્યાની તપાસ કરું છું. પુણ્યપાલે કહ્યું. પુણ્યપાલનું કામ પતી ગયું હતું. એ ઉભો થયો. રાજાને પ્રણામ કર્યા અને રજા માંગીને રાજદરબારમાંથી બહાર નીકળ્યો. ગુણસુંદરી પણ સાથે જ છે. એના હ્રદયમાં તો આજે કયાંય આનંદ સમાતો જ નથી.

[૪]

પુણ્યપાલ અને ગુણસુંદરી રાજમહેલથી પોતાના ઘર તરફ પાછા જઈ રહ્યા છે. નગર વચ્ચેથી રસ્તો પસાર કરી રહ્યા છે. રાજમહેલ તરફ જતા જિનમંદિરના વિવિધ પ્લાનની વિચારણા તેઓ કરી રહ્યા હતા. હવે રાજમહેલથી પાછા આવતાં જિનમંદિરની જગ્યાના વિચારો અને વાતો કરી રહ્યા છે. તેઓ ઝડપભેર ચાલી રહ્યા હતા. ચાલતાં ચાલતાં નગરની મધ્યમાં આવી પહોંચ્યા ત્યાં ગુણસુંદરીની ચકોર દૃષ્ટિ એક ખુલ્લી જગા પર પડી. જગ્યા ઘણી વિશાળ હતી. ગુણસુંદરીએ આજુબાજુ પણ નજર ફેરવી લીધી અને એની જોરદાર નિર્ણયશક્તિએ નિર્ણય લીધો કે 'જિનમંદિરને લાયક આ જગ્યા છે. અહિં જિનમંદિર થવું જોઈએ !

તરત જ એણે પોતાના પતિદેવને ત્યાં રોકી દીધા, અને કહ્યું--દેવ ! જુઓ, આ વિશાળ જગ્યા. અહિં જિનમંદિર થાય તો ખૂબ શોભી ઊઠે.

પુણ્યપાલની નજર પણ એ જગ્યા પર ઠરી. બંને એક વિચાર પર આવી ગયા...અને ઘર તરફ ચાલવા માંડ્યું. બંનેના દિલમાં આનંદની ઉર્મિઓ ઉછળી રહી છે એક બાજુ રાજાને પણ શ્રી અરિહંતદેવ પ્રત્યે પ્રીતિ અને ભક્તિ જાગી છે બીજી બાજુ દેવાધિદેવના મંદિર માટે જેવી જોઈએ તેવી મોકાની અને વિશાળ જગ્યા મળી જાય એવી આશા બંધાઈ છે.

બંને ઘેર પહોંચ્યા. એજ વાતો અને વિચારોમાં દિવસ પસાર કર્યો. મોડી રાત સુધી પણ પેટ ભરીને જિન..જિનમૂર્તિ ..જિનમંદિર.. એ તારકોનો ઉપકાર..એ તારકની ઉદ્ધારકતા અને એ તારકોની પૂજા–સેવા ભક્તિની વાતો કરી નવકાર-મંત્રના સ્મરણ પૂર્વક નિદ્રાધીન બની ગયા.

બીજા દિવસનું પ્રભાત ઊગ્યું. નિદ્રાનો ત્યાગ કરી ભાગ્યશાળી દંપતીએ પ્રભાતના મંગલ કાર્યો પતાવ્યા. બન્નેનું મન રાજાને મળવા અધીર હતું.

સ્નાનાદિથી પરવારી પુણ્યપાલે ગુણસુંદરીને તૈયાર થવા સૂચવ્યું અને લાખેણું ભેટણું તૈયાર કર્યું. ગુણસુંદરી વસ્ત્રાભૂષણ સજી પુણ્યપાલ પાસે હાજર થઈ ગઈ.

એકાગ્ર મનથી નવકાર ગણી રાજમહેલ તરફ પ્રયાણ કર્યું. સાથે મોટો પરિવાર પણ હતો. રસ્તામાં પસંદ કરેલી જગ્યા અંગે જરૂરી તપાસ કરી લીધી. તપાસને

ભાવના સુંદર છે. મારું અંતર એથી નાચી ઊઠયું છે પણ અમને કાંઈ લાભ ન મળે, મનના મનોરથ મનમાં રહી જાય એનો ખેદ થાય છે. માટે કૃપાળુ! જગ્યાનો લાભ આપને મળ્યો છે તો પ્રાસાદનું નિર્માણ અમે કરીએ. પુણ્યપાલે વાત મૂકી.

ઘણી રસાકસી જામી. અંતે સહુએ આ લાભ લેવો એવો નિર્ણય થયો. શુભ મુહૂર્તે શુભ કાર્ય પ્રારંભવાનો સંકલ્પ કર્યો.

પુણ્યપાલના પગમાં જોમ આવ્યું.

'સંસાર સાગર પાર કરવા બંદર સમું જિનમંદિર બાંધવાનો પુણ્ય અવસર મારા જેવા રંકને સાંપડયો છે? એમ વારંવાર તેના દિલમાં આશ્ચર્ય સાથે આનંદ ઉભરાતો હતો. આ બધા પુણ્ય લાભો પ્રાપ્ત કરાવનાર ગુણસુંદરી પ્રત્યે એનું દિલ કયારેક કયારેક અનહદ ઓવારી જતું હતું.

અરિહંત પ્રત્યે જાગેલી પ્રીતિ અને ભક્તિ તેમજ અરિહંતની આજ્ઞા પ્રત્યે પ્રગટેલું બહુમાન પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાં વિધિ તત્પર બનાવે છે.

પુણ્યપાલે શુભમુહૂર્તો નક્કી કર્યા. વિધિ મુજબ જિનપ્રાસાદના મંડાણ શરૂ કર્યા. બીજી બાજુ વિધિ–બહુમાન પૂર્વક જિનબિંબો ભરાવવાની શરૂઆત થઈ. બધું અપૂર્વ રીતે થઈ રહ્યું છે. રાજા અવારનવાર આ શુભ કાર્યો નિહાળે છે અને એનું અંતર નાચી ઊઠે છે.

અનેરા ઉમંગ અને ઉછરંગથી આરંભેલા કાર્યમાં વિલંબ શાનો થાય? જોત જોતામાં ગગન સાથે વાતો કરતું સુરમ્ય જિનમંદિર તયાર થઈ ગયું.

નયનોમાં પ્રશમરસ ઝરતી અને અંગે અંગમાંથી વીતરાગતા નીતરતી ભવ્ય મૂર્તિઓ પણ તૈયાર થઈ ગઈ.

દેવાધિદેવના બિંબોમાં પ્રાણપ્રતિષ્ઠા – દેવત્વની સ્થાપનાનો તથા જિનાલયમાં ગાદીનશીન કરવાનો મહામહોત્સવ આરંભાઈ ગયો. આ સમારોહમાં જિનભક્તિના ફુંવારા ઉછળે છે. રાજા અને પ્રજા સહુનો આ મહોત્સવ, પછી એમાં શી કમીના રહે?

શુભ લગ્ને જિનમંદિરમાં જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ. સાથે સાથે સહુએ અરિહંત પરમાત્મા જેવા સ્વસ્વરૂપનો ખ્યાલ કરી પોતાના હૃદયમાં પણ અરિહંતદેવની સ્થાપના કરી. દીન-અનાથોને દાન દેવાયું.

જે નિર્મળ ભાવે જિનબિંબની પ્રતિષ્ઠા કરીએ તે નિર્મળભાવ સમયના વહેણ સાથે અંકુર મટી ઘેઘુર વડલાનું સ્વરૂપ ધારણ કરી ગયો.

પ્રતિદિન ચઢતે રંગે રાજા અને પ્રજા જિનભક્તિમાં તરબોળ બની રહ્યા છે. એ સહુને નિત્ય નવો ભક્તિનો ઓપ આપનાર સાધર્મિક યુગલ મળી ગયું છે–પુણ્યપાલ અને ગુણસુંદરી.

આ પુણ્ય યુગલ પણ અરિહંત પરમાત્માની ભક્તિમાં

એવું લયલીન બની ગયું છે કે સંસારભરમાં એવી લીનતા શોધી ન જડે.

'જે જિનભક્તે નવિ થયું તે બીજાથી નવિ થાય.'

આ વાત જેના હૈયે કોતરાઈ ગઈ છે એ ભક્તિની તક મળ્યા પછી બાકી શું રાખે ?

એ દંપતીના અંગે અંગમાં ભક્તિ રસની ખુમારીએ જાણે મૂર્તસ્વરુપ ધારણ કર્યું હતું.

જેનું ચિત્ત જ્યાં સ્થિર થયું એનો મર્મ તો એ જ જાણી શકે. એની પાછળ જગતમાં પ્રાણનું પણ બલિદાન અપાય છે જુઓ–

ચંદ્ર વિના ચકોર આખી રાત તરફડે છે. સંગીતના શ્રવણમાં મશગુલ હરણ પ્રાણની પણ પરવા ક્યાં કરે છે ?

ચાતક પક્ષી જીવન પર્યંત મેઘના પાણી સિવાય બીજા કોઈ પાણીની ઈચ્છા સરખી કરતું નથી.

પતંગિયું દીપકની જ્યોતના પ્રેમમાં મોતને પણ જોતું નથી.

માછલા હંમેશ પાણીમાં જ મગ્ન હોય છે. હંસ માનસરોવરમાં જ મસ્ત રહે છે. ચોરને રાત્રિના ગાઢ અંધકારમાં જ આનંદ આવે છે.

મોર મેઘનો ગર્જારવ સાંભળી કેકારવ કરે છે. યોગીજનો પ્રણવ–ઓંકારના ધ્યાનમાંજ તલ્લીન રહે છે.

તેમ પુણ્યપાલ અને ગુણસુંદરીનું ચિત્ત એક માત્ર જિનેશ્વરદેવના ચરણોમાં લાગ્યું છે.

એમના હૃદયમાં જિનભક્તિનો ઉલ્લાસ ઉછળી પડે છે. ત્યારે તેઓ જગતને વિસરી જાય છે. દેહનું પણ ભાન ભૂલી જાય છે. સમાપત્તિ યોગનો રસાસ્વાદ તેમને અરિહંતમય બનાવી દે છે.

આમ વર્ષો વિત્યા–જીવન ધન્ય બની ગયું. એકવાર ગુણસુંદરીએ પતિને કહ્યું– 'નાથ ! આ વૈભવ સ્વભાવે ચંચળ છે. એનો જરાય વિશ્વાસ કરવા જેવો નથી. એના ત્રણ માર્ગો છે. દાન–ભોગ–અને નાશ. વિવેકીજનો દાન ધર્મ કરી એને સફળ કરે છે.

પ્રાણેશ ! નીતિશાસ્ત્ર કહે છે–'જેણે સંપત્તિથી દાન કે પુણ્ય ન કર્યું અથવા સ્વજનોને આશ્ચર્ય ન પમાડ્યું. એને લક્ષ્મી મળી તોય શું ?' માટે આપણે કંઈક વિશિષ્ટ દાન પુણ્ય કરીએ અને મારા પિતા અરિકેસરી રાજા જ્યાં રાજ્ય કરે છે ત્યાં જઈએ. તે પણ વિવેકચક્ષુ ઉઘાડીને શુભાશુભ કર્મનું ફળ જોઈ લે.

[૫]

ગુણસુંદરીની વાત અવસરોચિત હતી. પુણ્યપાલે પણ સુશીલ પત્નીની વાતને સ્વીકારી અને ભદ્રિલપુર જવાનો નિર્ણય કર્યો. પુણ્યપાલે રાજા વિમલવાહન સમક્ષ આ વાત મૂકી. રાજાને ખૂબ દુઃખ થયું. પણ સમજુ રાજાએ પરિ-

સ્થિતિનો ખ્યાલ કરી અનુમતિ આપી અને પુણ્યપાલે પ્રયાણનો પડહ વગડાવ્યો.

એક મહિનાને અંતે ભવ્ય તૈયારી પૂર્વક વિશાળ પરિવાર સાથે પુણ્યપાલે પ્રયાણ કર્યું. રાજા અને પ્રજાએ અશ્રુભીની આંખે વિદાય આપી.

માર્ગમાં અનેક તીર્થસ્થાનો આવતા જાય છે. ત્યાં પ્રભુભક્તિ, જિર્ણચૈત્યોનો ઉદ્ધાર, સંઘપૂજા, મહાદાન અને અનુકંપાના કાર્યોદ્વારા જિનશાસનની અદ્‌ભુત પ્રભાવના પુણ્યપાલે વિસ્તારી–વીતરાગ જેના હૈયે વસ્યા છે નવકારમંત્ર જેની જીભે રમે છે. પરમેષ્ઠિઓ જેના શિરછત્ર છે એ શું બાકી રાખે?

આમ અનેક દેશોને પાર કરતો, અનેક રાજાઓ તેમજ શેઠ શાહુકારોના સન્માન ઝીલતો અને શ્રીસંઘોના સત્કાર પામતો પુણ્યપાલ ભદ્દિલપુરના સીમાડે આવી પહોંચ્યો જ્યાં ગુણસુંદરીના પિતા રાજા અરિકેસરી રાજ્ય કરે છે. પુણ્યપાલે ભદ્દિલપુરના સીમાડે પડાવ નાખ્યો. કોઈ પરદેશી ધનકુબેરે સીમાડે પડાવ નાખ્યો છે એ વાત ભદ્દિલપુરના નગર લોકો અને રાજા સુધી પહોંચી ગઈ હતી કારણ કે પડાવનો દમામ જોરદાર હતો.

એક દિવસ થાળમાં મહામૂલા રત્નો ભરી પુણ્યપાલ પોતાના ખાસ પરિવાર સાથે રાજા અરિકેસરીની રાજસભામાં ગયો, રત્નોનો થાળ રાજા આગળ ધરી પુણ્યપાલે

વિનંતી કરી–રાજન્! અમે દૂર દેશથી આવ્યાં છીએ. થોડા દિવસ અમારો અહીં પડાવ છે. આપનો સત્કાર કરવાની મારી તથા મારા પરિવારની ઈચ્છા છે. માટે મારે આંગણે પધારવાનું આમંત્રણ સ્વીકારો.

રાજાના મનમાં પુણ્યપાલનો અપાર વૈભવ અને દેશદેશની અવનવી સામગ્રી જોવાના કોડ હતા જ. એમાં પુણ્યપાલનું આમંત્રણ મળ્યું. રાજાએ આમંત્રણ સ્વીકાર્યું. અને બીજે દિવસેજ પુણ્યપાલના પડાવે જવાનું નક્કી કર્યું.

પુણ્યપાલના સેવકો બીજે દિવસે સવારે રાજા પાસે હાજર થઈ ગયા. રાજા પોતાના પરિવાર સાથે તૈયાર થઈ પુણ્યપાલના પડાવે આવી પહોંચ્યો. પુણ્યપાલે કરેલી સ્વાગતની તૈયારી જોતા જ રાજાની આંખો થીજી ગઈ. એની સામે જાણે સ્વર્ગલોક દેખાય છે.

વિશાળ તંબુઓ, વિવિધ વસ્ત્રાલંકારથી શોભતા પુણ્યપાલનો પરિવાર, દેશવિદેશની અવનવી ચીજો, સેવકોનો વિનય, પુણ્યપાલનો મોભો વગેરે જોઈને રાજા આશ્ચર્ય-મૂઢ બની ગયો.

સ્વાગત સાથે રાજાને તંબુમાં લાવ્યા પછી પુણ્યપાલે રાજાને સ્નાન માટે વિનંતિ કરી. રાજા પુણ્યપાલ સાથે સ્નાન ઘરમાં ગયો. ત્યાં સ્નાન માટેની ઉત્તમોત્તમ સામગ્રી તૈયાર હતી.

સ્નાનઘરમાં હાજર રહેલા પુણ્યપાલના કુશળ સેવકો

એ રાજાને સ્નાન કરાવ્યું. પુણ્યપાલે રાજાને જિનપૂજાના વસ્ત્રો પહેરવા આપ્યાં અને કહ્યું– રાજન્ !– મારા ગૃહચૈત્યમાં જિનપૂજા કરવા જવાનું છે. રાજાએ પૂજાના વસ્ત્રો પહેરી પુણ્યપાલના ગૃહચૈત્યમાં જિનેશ્વરદેવનું પૂજન કર્યું.

ગૃહચૈત્યમાં પ્રશમરસભર્યું ભગવંતનું બિંબ અને પૂજાની ઉત્તમોત્તમ સામગ્રી જોઈને પુણ્યપાલની અનુપમ પ્રભુભક્તિનો રાજાને ખ્યાલ આવ્યો. પુણ્યપાલ પ્રત્યે રાજાનું હૃદય અહોભાવથી નમી પડ્યું.

આ બાજુ ભોજનગૃહમાં સેવકોએ રત્નના બાજોઠપર સોનાના થાળ ગોઠવી દીધા હતા. બત્રીસા શાક અને તેત્રીસા વ્યંજન તૈયાર થઈ ગયા હતા. રાજા અરિકેસરી અને પુણ્યપાલ પરિવાર સાથે જમવા બેઠા. રાજાની નજર ભોજન ગૃહની અલૌકિક રચના પર હતી. જુદા જુદા દરવાજેથી વારાફરતી વિવિધ વર્ણના વસ્ત્રોથી સજ્જ સ્ત્રીઓ ટપોટપ આવી વિવિધ વનગીઓ પીરસીને ચાલી જતી હતી. 'પુણ્યપાલને સ્ત્રીઓનો પરિવાર વિશાળ લાગે છે ? રાજાના મનમાં વિચાર ઘોળાયો.....

પુણ્યપાલ તમારે સ્ત્રીઓનો પરિવાર વિશાળ લાગે છે ! રાજાએ પૂછ્યું. નાજી, મારે તો એક જ સ્ત્રી છે– પુણ્યપાલે કહ્યું.

પીરસવા તો ઘણી સ્ત્રીઓ આવી ગઈ ?–રાજાએ કહ્યું અને તરત જ ગુણસુંદરી પિતાએ કઠિયારા સાથે પરણાવી

તે સમયના પહેરવેશમાં ઘૂંઘટ ખોલીને હાજર થઈ. રાજા પોતાની પુત્રી ગુણસુંદરીને જોઈને આભો બની ગયો. લાકડાના પૂતળાની જેમ સ્તબ્ધ બની ગયો. એના હાથનો કોળીયો હાથમાં જ રહી ગયો અને એ ઉંડા વિચાર સાગરનાં ડૂબી ગયો.

ગુણસુંદરી કોની સાથે ? ....

આ પુરુષ કોણ ? ....

મેં તો એને કઠિયારા સાથે પરણાવી હતી. ખરેખર ! ગુણસુંદરીએ કુળને કલંક લગાડયું લાગે છે. કઠિયારાને પડતો મૂકી આ કોઈ બીજા પુરુષનો એણે સંગ કર્યો લાગે છે....

વિચારના ચક્રો ફૂલપાવરમાં ગતિમાન થયા. થોડી-વારમાં તો રાજાએ કેટલાય વિચારો કરી નાખ્યા. એના ભોજનની મજા મારી ગઈ.

ચકોર ગુણસુંદરી પિતાનું મુખ નિહાળી રહી છે અને પિતાની મુંઝવણ સમજી જાય છે. પુણ્યપાલે પણ રાજાના મુખ પર ચિંતાનો ભાર જોયો.

રાજન્ ? – પુણ્યપાલે કહ્યું.

રાજાએ માંડ માંડ મોં ઊંચું કર્યું.

પિતાજી ! જરાય મુંઝાવાની જરૂર નથી. આપે ભરી સભામાં જે કઠિયારા સાથે મને પરણાવી છે તે જ આ પ્રતાપી પુરુષ છે. કર્મે તેને કઠિયારો બનાવ્યો હતો

એણે કર્મે જ પુણ્યશાળી બનાવ્યો છે. પિતાજી ! આપ સ્વસ્થ બની ભોજન કરી લો. પછી આપને આ અજાયબ ઘટનાનું રહસ્ય જાણવા મળશે. આજનો દિવસ આપને માટે અનેરા આનંદનો દિવસ છે. આ સાંભળી રાજા અરિકેશરીએ શાંતિનો દમ ખેંચ્યો અને ભોજન કરી લીધું. ચિંતાઓ શમી ગઈ અને આનંદની છોળો એના અંતરમાં ઉછળવા લાગી, ખરેખર ! જમાઇ કઠિયારો નહિં પણ કોઈ ખાનદાન કુળનો નબીરો લાગે છે. ભોજન બાદ સહુ આનંદથી વિશ્રામ ખંડમાં બેઠા. રાજાએ ગુણસુંદરીને ઉદ્દેશીને વાત શરૂ કરી.

બેટા ! સત્તાના ઘેનમાં ચકચૂર બની મેં તો તને દુઃખ દેવાનો જ પ્રયત્ન કર્યો હતો પણ તું તારા પ્રબળ પુણ્યથી પરમ સુખી છું.

હું કર્મસિદ્ધાંતમાં માનતો ન હતો પણ આજે મારી માન્યતા બદલવી પડે છે. જુદા જુદા શણગાર સજી તું જ પીરસવા આવતી હતી એ મેં હવે જાણ્યું. વત્સે ! આ ભાગ્યશાળી પુણ્યપાલ કોણ છે તેનો મને પરિચય આપ. તારા ભાગ્યે કઠિયારાના વેશમાં તને કોઇ ઉત્તમ પુરુષ મળી ગયો છે. રાજાએ કહ્યું.

ગુણસુંદરીએ દાસી સામે નજર કરી દાસીએ પુણ્યપાલનો પરિચય આપતાં કહ્યું—

રાજાજી ! વિશાલા નગરીમાં વિજયપાલ રાજા રાજ્ય

કરે છે. ત્યાં **શ્રીકાંત** નામે શેઠ વસતા હતા. તેઓ ધન-કુબેર કહેવાતા, તેમને સંતાનમાં એકનો એક પુત્ર હતો. પદ્મકાંત એનું નામ. માબાપનો લાડકવાયો પદ્મકાંત કિશોરાવસ્થા પસાર કરે તે પહેલાં જ શ્રીકાંત શેઠ અચાનક પરલોક પહોંચી ગયા. એમની પત્ની ચંદ્રકાંતાના જીવનમાં આ પહેલું પણ પહાડ જેવડું દુઃખ આવી પડ્યું. પતિના મૃત્યુથી ચંદ્રકાંતાને એવો વજ્રઘાત લાગ્યો કે એ આઘાતમાં જ એનું અવસાન થયું. માતા પિતા વિહોણો પદ્મકાંત મનમાં ખૂબ જ સમસમી ગયો. માતાપિતાની વિદાય સાથે એનો પુણ્યોદય પણ હવે વિદાય લે છે. એની અઢળક સંપત્તિ સ્વાર્થી સ્વજનોનો શિકાર બની ગઈ. પદ્મકાંત હાથ ઘસતો રહ્યો. સ્વજનોની પરેશાનીનો ભોગ બની ગયો. આ દુઃખદ પરિસ્થિતિથી ત્રાસીને પદ્મકાંતે ગામ છોડ્યું. એ ત્યાંથી નીકળી પડ્યો. સ્વાર્થી સ્વજનો રાજી થયા. પદ્મકાંત ગામ નગરોમાં ફરતો અને લાકડાના ભારા વેચી જીવનનિર્વાહ કરતો રાજન્! આપના નગરમાં આવી ચઢ્યો. પોતાની કરુણ કથની કહેવા આપની પાસે આવ્યો, ત્યારે ભરી સભામાં આપે ગુસ્સામાં આવી ગુણસુંદરીને એને હાથ ઝાલવાનો કહ્યો. કુલીન અને કર્મસિદ્ધાંતની માન્યતામાં અડગ એ પુત્રીએ પદ્મકાંતનો હાથ ઝાલ્યો ત્યારે મેરુની ધીરતા એની પાસે લજવાતી હતી. એ દંપતી અહીંથી સેંકડો કોશ દૂર વિજયવર્ધન નગરમાં જઈને વસ્યા, ભાગ્યયોગે સંપત્તિશાળી બન્યા. જેવું દાન એવું જ શીલ, એવી ધર્મ

નિષ્ઠા એવી જ ન્યાયનિષ્ઠાવાળું એમનું જીવન જોઈ ત્યાંનો રાજા વિમલવાહન આ યુગલ ઉપર ફીદા ફીદા હતો. ગુણસુંદરીએ પુણ્યપાલને જિનધર્મમાં એક નિષ્ઠ બનાવ્યો. પુણ્યપાલે રાજા વિમલવાહનને જિનધર્મમાં એક નિષ્ઠ બનાવ્યો. જિનના ભક્તોને જિનની ભક્તિ વિના કેમ ચાલે ? જિનમંદિર વિના કેમ ફાવે ? રાજા, પ્રજા અને પુણ્યપાલે ગગન સાથે વાતો કરતું જિનમંદિર બંધાવ્યું. સહુ અરિહંતની ભક્તિના રંગે રંગાયા. એક દિવસ આપને મળવાનો વિચાર થયો ને તૈયારી કરી. આનંદ કરતાં કરતાં અહિં આવી પહોંચ્યાં. દાસીએ વાત પૂરી કરી.

આ વાત વાયુવેગે નગરમાં પ્રસરી ગઈ. તરત જ નગરજનો ગુણસુંદરી અને પુણ્યપાલને જોવા ઉમટી પડયાં. મંત્રીઓ અને સામંતરાજાઓ પણ આવી પહોંચ્યા.

ગુણસુંદરીની માતાએ આ વાત સાંભળીને દીર્ઘકાળના શોકને વિદાય આપી દીધી. એ પણ રાજાના હુકમથી નગરના સિમાડે પુણ્યપાલના પડાવે આવીને હર્ષોલ્લાસથી ગુણસુંદરીને ભેટી પડી. પુણ્યપાલે સાસુ સસરાને યથોચિત પ્રણામ કર્યા. ત્યાં એકત્ર થયેલા પ્રજાજનોએ જયનાદની ગર્જનાઓ કરી વાતાવરણને આનંદમય બનાવી દીધું.

રાજા અરિકેસરીએ ગદ્ગદ સ્વરે જમાઈરાજને નગરમાં પધારવા વિનંતિ કરી. પુણ્યપાલે તરતજ વિનંતિ સ્વીકારી લીધી.

સસરો અને જમાઈ હાથી પર આરુઢ થયાં. વાજિંત્રના સૂર રણકયા. સ્ત્રીઓએ ધવલમંગલના ગીતો ગાયા અને બંદીજનોએ છડી પોકારી.

સહુ ભદ્દિલપુર તરફ ચાલ્યા. ગુણસુંદરીની અજબ ઘટનાનો સહુ વિચાર કરી રહ્યા છે. સોળે કળાએ ખીલી ઉઠેલો ગુણસુંદરીના ભાગ્યનો ચાંદ સહુને ચમકાવી રહ્યો છે.

રાજાની સવારી આગળ વધી રહી છે. ત્યાં રસ્તા વચ્ચે સહુએ આંખોને આંજી દે તેવું દૃશ્ય જોયું.

હજારો માણસો સમર્થજ્ઞાની શ્રીવર્ધમાનસૂરિ મહારાજની ધર્મદેશના સાંભળવા ભેગા થયા હતા.

આ દૃશ્ય જોઈ રાજાએ થોડીવારના મનોમંથન બાદ પોતાના જમાઈરાજને કહ્યું, "પુણ્યપાલકુંવર! આ સંસારની વિચિત્રતા મેં ઘણીવાર જોઈ હતી, એમાં તમારો જીવન પ્રસંગ જોઇને તો હવે એ સંસારથી વિરક્ત થયો છું. મને આ સંસારમાં કાંઇ જ સાર દેખાતો નથી. એમાં વળી મહાપુણ્યે આ ગુરુમહારાજનો સુયોગ મળી જાય છે. અહિં ગુરુમહારાજ પાસે વિસ્તારથી જિનધર્મ સાંભળવાની મારી ઇચ્છા છે."

પુણ્યપાલ તો રાજા કરતાં અધિક રસિયો હતો; સદ્‌ગુરુના સમાગમનો અને તત્ત્વને જાણવાનો. એને થયું કે 'ભાવતું' તું ને વૈદે કહ્યું. તેણે કહ્યું, "રાજાજી! ચાલો. આપણે સહુ ધર્મશ્રવણ કરીએ. આવો લાભ ક્યાંથી મળે?"

રાજાની સૂચનાથી મહાવતે હાથીને ઊભો રાખ્યો. અરિકેસરી તથા પુણ્યપાલ નીચે ઉતર્યા અને આચાર્ય-મહારાજના ચરણે વંદન કરી ધર્મદેશના સાંભળવા બેસી ગયા.

ઉમળકાભેર ભદ્દિલપુર તરફ જવાં નીકળેલી સવારી સભાના રૂપમાં ગોઠવાઇ ગઈ.

વર્ધમાનસૂરિની ધર્મદેશના :

"જન્મ, જરા, મરણ, રોગ અને શોકથી ભરેલા સંસારમાં સુખ નથી છતાં મિથ્યાત્વથી અંધ બનેલા જીવો સુખના લોભમાં શ્રીજિનેશ્વરદેવોએ ફરમાવેલા ઉત્તમ ધર્મને સાધતા નથી.

હે ભવ્યાત્માઓ ! સત્તા, સંપત્તિ, સુકુલમાં જન્મ, પ્રતાપ અને પ્રિયનો સમાગમ–આ સઘળું ધર્મકલ્પવૃક્ષના સુમધુર ફળો છે. છતાં વિવેકી આત્માઓએ એમાં ન રાચતાં આત્માને કર્મના બંધનથી મુક્ત કરવા આ માનવજીવનમાં વિશિષ્ટ કોટીનો ધર્મપુરુષાર્થ કરવો જોઈએ.

ત્રણ લોકમાં તે જીવોને ધન્ય છે કે જે જીવો મોક્ષ સંપત્તિના નિધાન રૂપ બોધિરત્ન–જિનધર્મની સમજને પ્રાપ્ત કરે છે.

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, વગેરે સંમૂર્ચ્છિમ જીવો–આ બધી બોધિની પ્રાપ્તિ ન થાય એવી યોનિઓ છે. નરકના જીવોને પણ ધર્મનો ઉપદેશ કોણ

આપે ? તિર્યંચો પણ કષ્ટથી પિડીત હોવાથી તેઓને બોધિમાર્ગ અતિદુલર્ભ છે. અનાર્ય મનુષ્યો દયાદિના પરિણામની રહિત અને મોહથી અંધ હોવાથી બોધિ કયાંથી પામી શકે ? આંધળા, બહેરા, મૂંગાં, રોગે પીડાતા અને પાપરૂપી જંગલમાં પડેલા અનેક પ્રકારના માણસો બોધિલાભ પામતા નથી. અકર્મ ભૂમિમાં જન્મતા અને છપ્પન્ન અંતર દ્વીપમાં વસતા જીવોને પણ બોધિ દુર્લભ છે. ધર્મસન્મુખ થયેલા જીવોમાં પણ જેઓ ધર્મનું વિશેષ સ્વરૂપ જાણતા નથી તઓને પણ બોધિલાભ થતો નથી તેઓ કુતીર્થિકોની વાસનામાં જ ભટકયા કરે છે. કુદેવોના આરાધક, કુલિંગ ધારી, કુતીર્થના જ રાગી અને કુશાસ્ત્રથી ભ્રમિત જીવો સુધર્મ સમજી શકતા નથી. કેટલાક જીવો દુષ્ટતા, જડતા, ખોટી પંડિતાઈ અને ભોગના કીચ્ચડમાં ભૂંડની જેમ લીન હોવાથી બોધિરત્ન પામતા નથી આળસુ, મોહથી મૂર્છિત અને રાગથી રંગાયેલા જીવોને પણ ધર્મબોધ દુઃશક્ય છે. માનથી હણાયેલા, પારકી નિંદાથી અને આઠ પ્રકારના મદથી ધીટ્ટા બનેલા જીવો બોધિ તો શું પામે પણ તેઓ સંસારની વૃદ્ધિ કરનાર થાય છે, ક્રોધના કારણે જેઓ દરેકના દુશ્મન બની સર્પની જેમ ધમધમે છે, એવા ભયંકર અજ્ઞાની જીવોને બોધિનો લાભ કયાંથી ? મદિરાપાનથી ઉન્મત્ત. પાંચ ઈન્દ્રિયના વિષયમાં તલ્લીન, નિદ્રા આળસ અને વિકથામાં સમય પસાર કરનારાઓને પણ ધર્મબોધ અતિદુર્લભ છે. કૃપણ, અનેક પ્રકારના ભયોથી ભયભીત અને મોહના શલ્ય-કાંટાથી વિંધાયેલા જીવો બોધિ પામતા

નથી. તેઓ તો સંસારના બે પગના બળદ છે. દેશ-પરદેશ, બગીચાઓ, પર્વતો, જંગલો, વગેરે સ્થાનો જોવાના કુતુહલવાળા જીવો ગીત, વાજિંત્ર, નાટક અને હાસ્યાદિના રસિયાઓ, મંત્રતંત્રના જ દાસ, કદાગ્રહી, કુસંગી અને કુદર્શનની પકડવાળા, તેમજ કુદૃષ્ટાંતોના શ્રવણથી મલિન બુદ્ધિવાળા જીવો બોધિરત્ન પામતા નથી. જેમ કલ્પવૃક્ષ અને આંકડો બન્ને ઝાડ તરીકે સરખા છે પણ બન્નેમાં ઘણો તફાવત છે તેમ લૌકિકધર્મ અને લોકોત્તર ધર્મ બન્ને નામથી ધર્મ તરીકે કહેવાય છે પણ તે બન્નેમાં મોટું અંતર છે.

જેમ ઘરની ઘંટી અને ચિંતામણિ રત્ન બન્ને છે પત્થરની જાતિ, સોનું અને પાષણ પણ છે પૃથ્વીકાયના પ્રકારો, છતાં તેમાં ઘણો તફાવત છે. નામની સમાનતાથી ભૂલા ન પડતા સારી રીતે પરીક્ષા કરી ધર્મગ્રહણ કરવો. સોનાના ઢાળ ચઢાવેલા પિત્તળને સોનું માનીને ખરીદનારને પાછળથી એનો ખ્યાલ આવે છે ત્યારે તે ઝૂરી ઝૂરીને મરી જાય છે, કષ, છેદ અને તાપ દ્વારા પરીક્ષા કરીને સોનું લેવાય છે. તેમ વિચક્ષણ પુરુષે પરીક્ષા કરીને-દેવ ગુરુ-ધર્મનો સ્વીકાર કરવો. જગતમાં ઘણા દાતાર અને શૂરવીર દેખાય છે ઘણા મોટા વિદ્વાન અને રૂપવાન દેખાય છે, પરંતુ વસ્તુનો પરમાર્થ સમજવાની તમન્નાવાળા બહુ થોડા દેખાય છે. બોંતેર કળામાં કુશળ તેમજ સોના, રૂપા અને રત્નોના પરીક્ષકો પણ ધર્મની પરીક્ષા કરવામાં

સૂદે છે કારણ કે ધર્મ સ્વરૂપે ધર્મને ઓળખવાનું કાર્ય દુષ્કર છે.

સારી રીતે ધર્મ આરાધવાથી જીવને નિરોગીપણું રૂપ, ધન, સ્વજન, સંપત્તિ, દીર્ઘાયુ, સૌભાગ્ય, સ્વર્ગની પ્રાપ્તિ એ આનુષંગિક ફળો મળે છે. ધર્મનું મુખ્ય અને મહત્ત્વનું ફળ મોક્ષ છે.

આ દેવદુર્લભ માનવ જન્મમાં ધર્મને સમજો અને આરાધો............

ધર્મ દેશનાને અંતે અરિકેસરીએ પૂછયું, "ગુરુદેવ! મારી પુત્રી ગુણસુંદરીએ પૂર્વજન્મમાં શું સુકૃત કર્યું હતું?"

આચાર્ય મહારાજે કહ્યું, "રાજન્! ગુણસુંદરીએ પૂર્વજન્મમાં ખૂબ દૃઢતાથી શીલ ધર્મનું આરાધન કર્યું છે. એ મહાન સદ્‌ગુણ એને અનેક સદ્‌ગુણો પ્રાપ્ત કરાવી અંતે મોક્ષ પદ પ્રાપ્ત કરાવશે."

"ગુરુદેવ! હવે મને સંસાર સાગરથી પાર કરો."

"રાજન્! દુઃખરૂપ મોજાઓથી પૂર્ણ આ સંસાર-સમુદ્ર સર્વપાપોના ત્યાગમય દીક્ષાના વહાણમાં બેઠા વિના કોઈ તરી શકતું નથી." આચાર્ય મહારાજે કહ્યું.

"ભગવન્! તો મને દીક્ષા આપી આપના ચરણનો દાસ બનાવો. રાજ્યની વ્યવસ્થા કરી હું તરત જ પાછો આવું છું." રાજાએ કહ્યું.

ગુરુદેવે સર્વમંગલ કર્યું.

નથી. તેઓ તો સંસારના બે પગના બળદ છે. દેશ-પરદેશ, બગીચાઓ, પર્વતો, જંગલો, વગેરે સ્થાનો જોવાના કુતુહલવાળા જીવો ગીત, વાજિંત્ર, નાટક અને હાસ્યાદિના રસિયાઓ, મંત્રતંત્રના જ દાસ, કદાગ્રહી, કુસંગી અને કુદર્શનની પકડવાળા, તેમજ કુદૃષ્ટાંતોના શ્રવણથી મલિન બુદ્ધિવાળા જીવો બોધિરત્ન પામતા નથી. જેમ કલ્પવૃક્ષ અને આંકડો બન્ને ઝાડ તરીકે સરખા છે પણ બન્નેમાં ઘણો તફાવત છે તેમ લૌકિકધર્મ અને લોકોત્તર ધર્મ બન્ને નામથી ધર્મ તરીકે કહેવાય છે પણ તે બન્નેમાં મોટું અંતર છે.

જેમ ઘરની ઘંટી અને ચિંતામણિ રત્ન બન્ને છે પત્થરની જાતિ, સોનું અને પાષણ પણ છે પૃથ્વીકાયના પ્રકારો, છતાં તેમાં ઘણો તફાવત છે. નામની સમાનતાથી ભૂલા ન પડતા સારી રીતે પરીક્ષા કરી ધર્મગ્રહણ કરવો. સોનાના ઢાળ ચઢાવેલા પિત્તળને સોનું માનીને ખરીદનારને પાછળથી એનો ખ્યાલ આવે છે ત્યારે તે ઝૂરી ઝૂરીને મરી જાય છે, કષ, છેદ અને તાપ દ્વારા પરીક્ષા કરીને સોનું લેવાય છે. તેમ વિચક્ષણ પુરુષે પરીક્ષા કરીને-દેવ ગુરુ-ધર્મનો સ્વીકાર કરવો. જગતમાં ઘણા દાતાર અને શૂરવીર દેખાય છે ઘણા મોટા વિદ્વાન અને રૂપવાન દેખાય છે, પરંતુ વસ્તુનો પરમાર્થ સમજવાની તમન્નાવાળા બહુ થોડા દેખાય છે. બહોંતેર કળામાં કુશળ તેમજ સોના, રૂપા અને રત્નોના પરીક્ષકો પણ ધર્મની પરીક્ષા કરવામાં

ચૂકે છે કારણ કે ધર્મ સ્વરૂપે ધર્મને ઓળખવાનું કાર્ય દુષ્કર છે.

સારી રીતે ધર્મ આરાધવાથી જીવને નિરોગીપણું રૂપ, ધન, સ્વજન, સંપત્તિ, દીર્ઘાયુ, સૌભાગ્ય, સ્વર્ગની પ્રાપ્તિ એ આનુષંગિક ફળો મળે છે. ધર્મનું મુખ્ય અને મહત્ત્વનું ફળ મોક્ષ છે.

આ દેવદુર્લભ માનવ જન્મમાં ધર્મને સમજો અને આરાધો............

ધર્મ દેશનાને અંતે અરિકેસરીએ પૂછ્યું, "ગુરુદેવ! મારી પુત્રી ગુણસુંદરીએ પૂર્વજન્મમાં શું સુકૃત કર્યું હતું?"

આચાર્ય મહારાજે કહ્યું, "રાજન્! ગુણસુંદરીએ પૂર્વજન્મમાં ખૂબ દઢતાથી શીલ ધર્મનું આરાધન કર્યું છે. એ મહાન સદ્‌ગુણ એને અનેક સદ્‌ગુણો પ્રાપ્ત કરાવી અંતે મોક્ષ પદ પ્રાપ્ત કરાવશે."

"ગુરુદેવ! હવે મને સંસાર સાગરથી પાર કરો."

"રાજન્! દુઃખરૂપ મોજાઓથી પૂર્ણ આ સંસાર-સમુદ્ર સર્વપાપોના ત્યાગમય દીક્ષાના વહાણમાં બેઠા વિના કોઈ તરી શકતું નથી." આચાર્ય મહારાજે કહ્યું.

"ભગવન્! તો મને દીક્ષા આપી આપના ચરણનો દાસ બનાવો. રાજ્યની વ્યવસ્થા કરી હું તરત જ પાછો આવું છું." રાજાએ કહ્યું.

ગુરુદેવે સર્વમંગલ કર્યું.

રાજાની સવારી નગર ભણી આગળ ચાલી. નગરમાં જઈ રાજાએ કેદીઓને છોડી મૂકયા. યાચકોને ઇચ્છિત દાન આપ્યું-રાજ્યભાર પુણ્યપાલને સોંપ્યો અને મહોત્સવ પૂર્વક ઉદ્યાનમાં આવી શ્રી વર્ધમાનસૂરિ પાસે ચારિત્ર લીધું. નિષ્કલંક-નિરતિચાર ચારિત્રનું પાલન કરવા માંડયું.

પુણ્યપાલે રાજ્ય લીધું છે પણ એને રાજ્ય ગમતું નથી. રાજ્યનું પાલન કરે છે પણ ધર્મને એ ભૂલતો નથી. જિનધર્મની અદ્ભુત પ્રભાવના એ કરી રહ્યો છે. "યૌવન નાશવંત છે. લક્ષ્મી ક્ષણભંગુર છે. આ દેહ સેંકડો વિઘ્નોથી ભરેલો છે અને રાજ્ય નરક ફળને આપનારું છે માટે ધર્મને વિષે મન પરોવી રાખો............

" આવા બોધદાયક વચનો ગુણસુંદરી હંમેશા પુણ્યપાલને સંભળાવતી હતી. એથી પુણ્યપાલ સંસારથી, રાજ્યથી, વૈભવથી, અલિપ્ત જ રહ્યો હતો. એનો અંતરાત્મા જાગૃત હતો.

થોડા જ વર્ષો બાદ પોતાના પુત્ર સુલોચનને રાજ્ય સોંપી પુણ્યપાલે સર્પની કાંચળીની જેમ સંસાર છોડી દીધો; અને ગુણસુંદરી સાથે ચારિત્ર લીધું.

ચારિત્ર એવું સુંદર પાળ્યું કે જેથી તેજ જન્મમાં કર્મક્ષય કરી મુક્તિપદ વર્યાં આ કથા આપણને ઘણું ઘણું કહી જાય છે, છતાં એનો મુખ્ય સૂર છે-ધીર બની શીલ મણિકયનું રક્ષણ કરો!!!

સાત શિખામણ.......

જિનદાસ શેઠ મરણ પથારીએ પડયા છે.

સંતતિ અને સંપત્તિ બન્નેનું સુખ તેઓ મેળવી ચૂકયા હતા. સંપત્તિમાં કમીના ન હતી પણ સંતતિમાં થોડી ખામી હતી. એમને એકનો એક પુત્ર હતો. એનું નામ મદન. મદન ઘણો વિનયી હતો પણ અક્કલનો થોડો અધૂરો હતો. એથી જિનદાસશેઠે એના ભલા ખાતર થોડી શીખામણો આપવાનું વિચાર્યું. શેઠે તેને સાત શિખામણ આપવાનો નિર્ણય કર્યો. એક એકથી ચઢી જાય એવી એ શિખામણો હતી એ પ્રમાણે વર્તે તો મદન કદી દુઃખી ન થાય.

શેઠે મદનને બોલાવ્યો અને કહ્યું–બેટા મદન! હું મૃત્યુના બીછાને પડ્યો છું. પરલોક સીધાવી જવાની તૈયારીમાં છું. તું ઘણો ભોળો છે. માટે તને હું સાત શિખામણ આપું છું તે મુજબ વર્તજે, જેથી ભવિષ્યમાં તું કદી હેરાન ન થાય.

મદન વિનયી પુત્ર છે, તે પિતાની સામે હાથ જોડી ઉભો છે. શિખામણો સાંભળવા એણે કાન સરવા કર્યા છે. શેઠે શિખામણો દેવા માંડી.

(૧) ઘરની આજુબાજુ દાંતની વાડ કરજે.

(૨) ગામેગામ ઘર કરજે.

(૩) હંમેશા મીઠું જમજે.

(૪) ઉઘરાણી એ ન જવું પડે એ રીતે નાણું ધીરજે.

(૫) સ્ત્રીને બાંધી મારજે.

(૬) પૈસા ખૂટે તો ગંગાનો કાંઠો ખોદજે.

(૭) અને આ રીતે વર્તવા છતાં ય તું દુઃખી થાય તો પાટલીપુર નગરમાં મારા મિત્ર સોમદત્ત રહે છે. તેમની સલાહ લેજે.

મદને શિખામણો પ્રેમથી સાંભળી અને તે મુજબ વર્તવાનું પિતાને વચન આપ્યું. આથી જિનદાસ શેઠને પણ ઘણો આનંદ થયો. થોડા જ દિવસો બાદ શેઠનું મૃત્યું થયું અને ઘરનો ભાર મદનના શિરે આવ્યો. મદને પહેલી શિખામણ મુજબ વર્તવા મોટા પાયાપર હાથીદાંત ખરીદવા માંડયા. હજારોના હાથીદાંત ઘર આંગણે ખડકી દીધા અને ઘરની આસપાસ એની વાડ કરી. આ રીતે ભોળા મદને પિતાની પહેલી શિખામણનું પાલન કર્યાને સંતોષ માન્યો.

બીજી શિખામણના પાલનમાં ગામે ગામ ઘર બંધાવ્યા એની પાછળ અઢળક ધન ખરચ્યું.

ત્રીજી શિખામણમાં એના પિતાએ કહેલું 'હંમેશા મીઠું જમજે' એથી મદન રોજ માલ મિષ્ટાન્ન ખાવા લાગ્યો એને ત્યાં રોજ શિરોપુરી, પેંડા, બરફી, ઘેબર ગુલાબજાંબુ, શીખંડ અને દુધપાક જેવી વાનગી ભોજનમાં હોય જ.

મદન મોટો ધનકુબેર ગણાતો હતો એટલે એને ત્યાં ઘણા લોકો વ્યાજે નાણું લેવા આવતાં. મદન સહુને નાણું ધીરે જતો હતો, ચોથી શીખામણમાં એ સમજેલો કે પિતાએ ઉઘરાણીએ જવાની ના પાડી છે તેથી એણે ઉઘરાણીએ જવાનું માંડી વાળ્યું. લોકોને કહી દેતો કે સમયસર પૈસા પાછા આપી જજો. આ રીતે ધીરાણમાં મદનની મોટી રકમ રોકાઈ ગઈ. પિતાની પાંચમી શિખામણ હતી સ્ત્રીને બાંધી મારજે, મદન પોતાની સ્ત્રીનો સહેજ વાંક દેખાય કે તરત જ પિતાની શિખામણ યાદ કરી એને થાંભલે બાંધી ધીબી નાખતો. એની સ્ત્રી સુશીલ હતી. ખાનદાન ઘરની હતી. પતિપરાયણ હતી પણ લાંબા સમયે તેની સહનશીલતા ખૂટી પડી અને તે મદનના ઘરનો ત્યાગ કરી પોતાના પિયર ચાલી ગઈ, મદન પાસે ઘણું ધન હતું પણ હાથીદાંતની વાડ કરવામાં, ગામેગામ મકાન બાંધવામાં, ધીરાણમાં અને રોજ મીઠું જમવામાં ખર્ચાઈ ગયું. ઘસાઈ ગયું. મદન મુંઝાયો પણ પિતાની છઠ્ઠી શિખામણ યાદ આવતાં એની મુંઝવણ ટળી એણે મજુરો રોકી ગંગાજળીનો [illegible] ખોદાવ્યો પણ ક્યાંય ધનના ચરૂ નીકળ્યા, નહિ ઉલટો મજુરીનો ખર્ચ માથે પડ્યો. હવે તો મદનની વ્યાકુળતાએ માઝા મૂકી. એ [illegible] [illegible] [illegible]. [illegible] પિતાજી તો બહુ ડાહ્યા હતા. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પણ જ એમ [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

ખરાબ આવ્યું. ખરેખર ! મારી જ કાંઈ સમજફેર થતી લાગે છે. મદનપર ચોમેરથી દુઃખના ઓળા ઉતરી પડયા હતા એટલે સાતમી શિખામણનો અમલ કરવાનો સમય આવી લાગ્યો. એ પાટલીપુર નગર તરફ રવાના થયો. સોમદત્ત બ્રાહ્મણને ઘેર ગયો અને પિતાના મિત્ર ને મળ્યો સોમદત્ત એનો સત્કાર કર્યો અને કુશળ પૂછ્યું. મદને આપ વીતી કહી સાંભળાવી કે મારા પિતાએ આપેલી શિખામણો પ્રમાણે વતવાથી હું બધું ધન ગુમાવી બેઠો. સ્ત્રી એને પિયર ચાલી ગઈ. આબરૂના કાંકરા થયા અને હું દુઃખી દુઃખી થઇ ગયો. સોમદત્તે પૂછ્યું–તારા પિતાએ તને કઈ શિખામણો આપી હતી અને એનો તે અમલ કઈ રીતે કર્યો તે કહે મદને વાત શરુ કરી–પહેલી શિખામણમાં મારા પિતાએ કહ્યું હતું કે ઘરની આજુબાજુ દાંતની વાડ કરજે તેના પાલન માટે મેં હજારો રૂપીઆના હાથીદાંત મંગાવ્યા અને મારા ઘરને ફરતી વાડ કરાવી પણ લોકો હાથીદાંત કાઢી ગયા. મારા હજારો રૂપીઆ બરબાદ થયા. બીજી શિખામણમાં કહ્યું હતું કે ગામે ગામ ઘર બાંધજે. મેં ઘણા ગામોમાં જમીન ખરીદીને ઘર બંધાવ્યા પણ એની બરાબર દેખરેખ રહી શકી નહિ એથી લોકો ઘર બથાવી પડયા. એમાં ય ઘણા પૈસાનું પાણી થયું. ત્રીજી શિખામણ હતી હંમેશા મીઠું જમજે. તે મુજબ હું હંમેશાં પેંડાં બરફી, ઘેબર, શીખંડ, દૂધપાક, શીરો વિગેરે જમતો હતો. પણ એથી હું અજીર્ણનો ભોગ બન્યો. શરીર બગડયું રોજનો માંદો થયો. ચોથી શિખામણ હતી–'ઉઘરાણીએ ન

જવું પડે એ રીતે નાણાં ધીરજે. ગરજુ લોકો નાણાં લઈ ગયા અને પિતાજીની શિખામણ મુજબ હું ઉઘરાણીએ ગયો નહિ. આજ સુધી એક પણ પૈસો પાછો આવ્યો નથી. લાખોની મૂડી ઘસાઈ ગઈ. પાંચમી શિખામણ એવી હતી કે–સ્ત્રીને બાંધી મારજે' તેથી સ્ત્રીનો વાંક દેખાય ત્યારે હું બાંધીને મારતો. એ કારણે આજ કેટલાય વર્ષો થયા સ્ત્રી એના પિયર ચાલી ગઈ છે તે પાછી આવતી જ નથી. છઠ્ઠી શિખામણ હતી–' પૈસા ખૂટે ત્યારે ગંગાનો કાંઠો ખોદજે. મારી પાસેથી લગભગ મૂડી ખલાસ થઈ ગયેલી તેથી મેં મજુરો પાસે ગંગાનદીના કિનારાં ખોદાવ્યા પણ એ બધી મહેનત નિષ્ફળ ગઈ. કશું જ નીકળ્યું નહિ. ઊલટી મજુરી માથે પડી અને સાતમી શિખામણ હતી કે 'આમ છતાં તું દુઃખી થાય તો પાટલીપુર નગરમાં મારો મિત્ર સોમ દત્ત બ્રાહ્મણ રહે છે તેમની સલાહ લેજે. મારા દુઃખનો પાર નથી. મુંઝવણની કોઈ હદ રહી નથી માટે જ હું આપની સલાહ લેવા આવ્યો છું. મદનની વાત સોમદત્ત બ્રાહ્મણે [illegible] સાંભળીને [illegible]–ભલા માણસ ! તારા [illegible] અનુભવી હતા. એમણે તને [illegible] [illegible]

[illegible] પિતાએ આપેલી શિખામણોનું [illegible] [illegible] તેં તો [illegible]

(૧) ઘરની આજુ બાજુ દાંતની વાડ કરજે એટલે કે ઘરની આજુબાજુ જે પાડોશીઓ વસે છે તેમની સાથે વાણી વ્યવહાર સારો રાખજે. ઘર્ષણના અનેક પ્રસંગો ઉભા થશે તે વખતે જીભની આસપાસ દાંતની વાડ કરજે. હસતું મુખ રાખજે. અર્થાત્ જીભ ગમે તે ભસી ન મારે તેનું લક્ષ રાખજે જે લોકો પડોશીઓ સાથે સહેજમાં લડાલડી કરે છે તેમને ઘણું નુકશાન વેઠવું પડે છેઃ પિતાની આ વાત સમજયા વિના તે હાથીદાંતની વાડ કરીને નાહક ના હજારો રૂપીઆ વેડફી નાખ્યા.

(૨) ગામો ગામ ઘર કરજે એનો અર્થ પૈસાનો દુર્વ્યય કરી ઈંટ ચુનાના ઘર બાંધવા એવો ન હતો પણ મહેમાન, પરોણા, અતિથિ, સંત, સાધુ, તારે આંગણે આવે એમનો બરોબર સત્કાર કરજે. એથી બધા સાથે ઘર જેવો સંબંધ થશે, ગામો ગામ તારૂં ઘર ગણાશે શિખામણ નો સાચો અર્થ આ હતો.

(૩) હંમેશાં મીઠું જમજે એટલે કે બરાબર ભૂખ લાગે ત્યારે જમજે. કોઈપણ ભોજન બરાબર ભૂખ લાગે ત્યારેજ મીઠું લાગે. સૂકો રોટલો પણ સાચી ભૂખે ખવાય તો અમૃત જેવો લાગે. તારા પિતાના કહેવાનો મતલબ સમજયા વિના માલપાણી પર પડીને તેં શરીરને રોગનું ઘર બનાવ્યું.

(૪) ઉઘરાણી એ ન જવું એનો ભાવાર્થ એ હતો નાણાં ધીરતી વખતે થાપણ લઈ ને નાણાં ધીરજે. વ્યાજના

દૂર ઉંચા રાખજે જેથી લોકો મુદત પૂરી થતાં પોતાની મેળે પાછા આપવા આવે પણ ઉઘરાણીએ ન જવું પડે એ રીતે ધીરજે.

(૫) 'સ્ત્રીને બાંધી મારજે' એનું તાત્પર્ય એ છે કે સ્ત્રીને હંમેશાં કામમાં ગુંથાયેલી રાખવી. નવરી ન પડવા દેવી. કામકાજ વગરની સ્ત્રીઓ નબળા વિચારોનો ભોગ બની પોતાના શીલ-સદાચારને જોખમમાં મૂકે છે. નહિ કે તેને ટીપી નાખીને પિયર ભેગી કરી દીધી. સ્ત્રીને પુત્ર થયા પછી કાંઈ ભૂલ થાય તો વધુ કહેવું ને રિસાય કહેતાં જ ઘેર ચાલી જાય. શિખામણનો એ સાર છે.

(૬) પૈસા ખૂટે ત્યારે ગંગાનો કાંઠો ખોદજે. એમાં ધન માટે ગંગા નદીનો કાંઠો ખોદવાનું તારો બાપ કહે ખરો? ગંગા એટલે તમારી ગંગા નામની ગાય એને બાંધવાની ગમાણ પાસે ખોદવાનું હતું. ત્યાં તારા બાપે ધનનો ચરુ દાટ્યો છે. હવે જઈને એ ગમાણનો ભાગ ખોદજે,

આ લૌકિક વાર્તાના ઉપસંહારમાં આપણે સહુએ બોધપાઠ રૂપે એટલુંજ સમજવાનું છે કે ભોળો મદન પિતાની શિખામણોનું રહસ્ય સમજ્યો નહિ તેથી દુઃખી થયો એજ રીતે આપણે પણ ભગવાન શ્રી જિનેશ્વર દેવની ઘણી કલ્યાણકર આજ્ઞાઓના આરાધક બનવાને બદલે વિરાધક બનીએ છીએ. મદન તો એક જનમમાં દુઃખી થયો પણ આપણે ભગવંતની તારક આજ્ઞાઓની વિટંબણા કરી ભવોભવ દુઃખી થઈશું.

જિનમૂર્તિ ભરાવવી, જિનમંદિર બંધાવવા, દર્શન, પૂજન, સાતક્ષેત્રની વ્યવસ્થા, તીર્થયાત્રા, સાધુ, શ્રાવકના આચારોનું પાલન, દાન, તપ, દેવી દેવતાઓની માન્યતા. મંત્રજાપ, નિત્ય નૈમિત્તિક આરાધનાઓ, મહોત્સવની ઉજવણી, પૂજા, પ્રભાવના, ભાવના અંગરચના, સ્વર્ગ. તિથિઓની ઉજવણી, ગુરૂમંદિર, ગુરુમૂર્તિના નિર્માણ પર્વોની ઉજવણી, શાસ્ત્રવાંચન, વિહાર, સાધર્મિક, ભક્તિ, મેળવડા, જીવદયાના કાર્યો પાંજરાપોળો, ધર્મપ્રચાર, દીક્ષાપ્રદાન, ઉપદેશપદ્ધતિ, જ્યોતિષ-મુહૂર્ત સાહિત્ય તથા પ્રકાશન વગેરે અનેક બાબતોમાં જિનાજ્ઞાને સમજવાની અને એને શૂન્યપણે વળગી રહેવાની વૃત્તિ પ્રત્યે મદન જેવું ભોળપણ, ગાંડપણ, અજ્ઞાન કે અણસમજ આપણામાં દેખાય છે. ક્યારેક આપણે આપણા કોઈને કોઈ આવેશના કારણે અથવા સંયોગને વશ થઈને કે સંસ્કારને પરવશ પડીને આપણી સ્થૂલ અને સંકુચિત બુદ્ધિને આગળ

કરીએ છીએ અને વીતરાગદેવની આજ્ઞા એક બાજુએ રહી જાય છે. આ કથાના સારરૂપે પરમપિતા પરમાત્માની પ્રત્યેક આજ્ઞાના રહસ્યો સમજી આપણે આપણા અનંત સુખના દ્વાર ખોલીએ અને દુઃખના માર્ગેથી પાછા વળીએ.

પ્રારબ્ધ અને પુરૂષાર્થ......

પ્રારબ્ધ એટલે કર્મ–ભાગ્ય. અને પુરૂષાર્થ એટલે ઉદ્યમ–પ્રયત્ન. કેટલાક મનુષ્યો ઉદ્યમને પ્રધાન ગણે છે, તો કેટલાક કર્મને. જ્યારે કોઇ પણ કાર્ય અતિઉદ્યમ કરવા સિદ્ધ ન થાય ત્યારે ઘણા કહેતા હોય છે કે 'કર્મની ગતિ ન્યારી છે. કર્મ કાઠાં છે' અને જ્યારે કોઈ કઠિન કાર્ય નજીવા ઉદ્યમથી સિદ્ધ થાય છે ત્યારે કહેવાય છે કે 'ભાગ્ય બળવાન છે.'

नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ।
એ ન્યાયે કેટલાક લોકો ઉદ્યમ શીલ રહે છે અને એ રીતે પોતાના પ્રયત્નમાં કોઇ ઘોડાવેગે તો કોઈ કીડીવેગે સફળતા મેળવે છે. આ રીતે કેટલાક કર્મને તો કેટલાક ઉદ્યમને મહત્ત્વ આપે છે.

પ્રાચીન કાળમાં રાજસભાઓમાં વિદ્વાનો રાજાઓ સમક્ષ અનેક વિષયો ઉપર ચર્ચા કરતા.

આપણે અહીં ઉજજૈનીમાં રાજમાન્ય પંડિત શિવ-

શર્મા અને કર્નાટકની ગણિકા કામકળા વચ્ચે પ્રારબ્ધ અને પુરૂષાર્થ બાબત થયેલો સંવાદ જોઈએ !

સ્થળ :– ઉજ્જૈનીની રાજસભા.

અધ્યક્ષ વિક્રમવંશી રાજા ભદ્રસેન.

કામકળા :– પંડિતજી ! પુરુષાર્થ મોટો કે પ્રારબ્ધ મોટું ?

પંડિતજી— ચતુરા ! પુરૂષાર્થ કરતાં પ્રારબ્ધ જ મોટું ગણાય છે. કર્મની ગતિ ન્યારી છે. કર્મ જે કરે તે બીજાથી ન થાય. કર્મ ગરીબને ધનવાન અને ધનવાનને ગરીબ બનાવે છે. શાસ્ત્રવાણી પણ એવી જ છે કે પુરૂષાર્થ કરતાં પ્રારબ્ધ વિશેષ છે.

કામકળા :– પંડિતજી ! વધુ વિચાર કરશો તો સમજાશે કે પુરૂષાર્થ મોટો છે. પ્રારબ્ધના ભરોસે કોણ બેસી રહે છે ? રાજા કે રંક સૌ ઉદ્યમ કરતા દેખાય છે. 'કર્મ કરે તે થાય' એમ કોણ કહે છે ? કર્મ પણ ઉદ્યમને જ આધારી છે. ઉદ્યમ આગળ કર્મ બિચારૂ રાંકડું છે. સર્વત્ર બોલબાલા ઉદ્યમની છે પંડિતજી ! તમને એક વાર્તા કહું છું બરાબર સાંભળજો. પછી કહેજો કર્મ મોટું કે પુરૂષાર્થ મથુરામાં સૂરસેન રાજા રાજ્ય કરતો હતો. ત્યાં બે બ્રાહ્મણ ભાઈઓ રહેતા હતા. એકનું નામ નારાયણ હતું બીજાનું નામ નરહરિ બન્ને સત્યવાદી, બુદ્ધિશાળી અને વિવેકી હતા. બન્નેને પતિવ્રતા સ્ત્રીઓ હતી.

નારાયણ કર્મને મોટું ગણતો જ્યારે નરહરિ ઉદ્યમને. બન્ને ભાઇ આ વિષય ઉપર વિસ્તૃત ચર્ચા કરતા હતા. પણ તેઓ કોઇ નિર્ણય ન કરી શકયા. બન્ને ભાઈઓ આનો ન્યાય કરાવવા રાજા પાસે ગયા. રાજાએ આ કાર્ય વનમાળી મંત્રીને સોંપ્યું. મંત્રીએ ચાર માળના એક મકાનમાં એક બાજુએ સુખડી અને બીજી બાજુએ પાણીનું માટલું બિલકુલ ખ્યાલમાં ન આવે એ રીતે મૂક્યું. નારાયણ અને નરહરિની આંખે પાટા બાંધ્યા અને બંનેને એ મકાનમાં પૂરી દીધા. એ દિવસ લગભગ પસાર થવા આવ્યો. બંને ભૂખ તરસથી પીડાય છે. કર્મવાદી નારાયણ પાઘડીનું ઓશીકું કરી નિરાતે પોઢી ગયો. નરહરિ ઉદ્યમમાં માનનારો હતો. તે આમ તેમ ફાંફાં મારવા લાગ્યો. ચોમેર તપાસ કરવા માંડી. આશા–નિરાશાના હિંચોળે હિંચતા મહામહેનતે નરહરિના હાથમાં પેલી સુખડીની પોટલી અને પાણીની માટલી આવી. એ લઈને નરહરિ નારાયણ પાસે આવ્યો અને ભાઈ નારાયણ પર હેત છે, પ્રીત છે. નારાયણને એ સુખડી અને પાણી આપે છે. બંને ભાઈઓએ ભૂખ તરસ સંતોષી બીજે દિવસે બંને ભાઈઓને બહાર કાઢી, આંખના પાટા છોડી હકીકત પૂછવામાં આવી. નરહરિએ કહ્યું– 'રાજન્! ઉદ્યમ કરવો મારા હાથની વાત હતી. ઉદ્યમીને સંકટ રહી રહીને કયાં સુધી રહે! મહેનત કરી તો પાણી અને પકવાન બંને મળ્યાં. મલકાતાં મોઢે નરહરિ બોલી રહ્યો. ભાગ્યના ભરોસે બેસી રહેનાર નારાયણે પોતાની દીનતા

દર્શાવી. પારકી મહેનત ઉપર એ શું મોં ઉચું રાખી શકે? છેવટે નારાયણને નમવું પડયું.

બોલો પંડીતજી! કર્મ મોટું કે ઉદ્યમ? પંડિતજી પોતાની માન્યતામાં મક્કમ છે. કર્મની પ્રધાનતાનું દૃષ્ટાંત આપતાં તેઓ બોલ્યા. સુંદરી! સાવધાન થઈને સાંભળ. હું તને કર્મની અકળકળા સમજાવું.

ગણિકા :- પંડિતજી! કર્મનો મર્મ વિસ્તારથી સમજાવજો. સભાજનો રસ અનુભવે અને હું પણ એનું રહસ્ય પામું.

દક્ષિણ ભારતમાં જોડિયાળું ગામ. જ્યાં વિષવાદીઓનો –ગારૂડિકોનો જ વસવાટ હતો. એમાં એક ગારૂડિક મંત્રતંત્રનો ખાં અને જંગલની જડીબુટ્ટીઓનો એક નંબરનો પારખું. મોરલી તો અવલ વગાડે. એકવાર ઘોર વનમાં પર્વતની ટેકરી પર ચડી એણે મોરલીનો મધુર નાદ રણઝણાવ્યો. આ મોરલીધ્વનિથી આકર્ષાઈને હજારો સર્પો ત્યાં દોડી આવ્યા. તેમાંથી એક મણિધર સર્પને ગારૂડિકે પકડયો અને ઘેર કરંડિયામા પૂર્યો. કરંડિયામાં સર્પને લાવી ખાવાપીવાનું કાંઈ રાખ્યું ન હતું. આ સર્પ ત્યાં ખાવાનું મેળવવા માટે ઉદ્યમ પણ શું કરે? એ ગારૂડિકના ઘરમાં ઘણા ઉંદર રહેતા. એ સદાના ઉદ્યમના દાસ કર્મને તો એ તણખલા જેવું ગણતા. એમાંનો એક મોટેરો ઉંદર તો જન્મથી આળસનો દુશ્મન. હંમેશ ઉદ્યમનો પ્રેમી. ગમે તેટલા વજનથી ઢાંકેલા ઘી. તેલ, ગોળના ભાજન અને

વાસણ સહેજમાં ઉઘાડી નાખે. આ કરંડિયો એની નજરે ચઢતાં એને વિચાર આવ્યો, 'આમાંથી જો સુખડી નીકળે તો મારી ભૂખડી ભાંગે અને મારા જાતિ ભાઈઓને પણ ઉજાણી થાય.'

ઉંદરના અણિયાળા દાંતને આ કરંડિયો તોડતા શી વાર ? ઉદ્યમી ઉંદરભાઈ કરંડિયામાં દાખલ થયા. ભૂખ્યા તરસ્યા સાપભાઈ મોં ફાડીને બેઠા હતા. ઉંદરભાઈ સીધા જ સાપભાઈના મોંમાં જઈને પડયા, ભાગ્યે સાપનું ભૂખનું દુ:ખ દૂર કર્યું. શરીરમાં સ્ફૂર્તિ આવી. ઉંદરે પાડેલા કરંડિયાના કાણામાંથી બહાર નીકળી સર્પ જંગલના માર્ગે દોડી ગયો અને પોતાના વિયોગી સ્વજનોને મળ્યો આમ ઉદ્યમી ઉંદરનો ઉદ્યમ સાવ એળે ગયો અને નિરુદ્યમી સર્પ ફાવી ગયો.

કામકળા ! હજી વિચારી જુઓ, કર્મ કરે તે કરવાની તાકાત છે કોઈમાં ?

ઉદ્યમી માણસો વહાણમાં બેસી દરિયાપારની મુસાફરી કરે છે, પણ કર્મયોગે વહાણો ડૂબી જાય છે અને પ્રાણ પણ ખોવા પડે છે.

ઉદ્યમી ખેડૂત વાવેતર કરે છે, રખોપું કરે છે, છતાં કર્મયોગે ઊભો પાક સૂકાય છે. તીડ ખાઈ જાય છે. હીમથી બળી જાય છે.

કામકળા :- પંડિતજી ! તમે શાના પંડિત ? ખરેખર તો તમે મૂર્ખ લાગો છો કર્મ ગમે તેટલું કઠોર હશે પણ

વાસણ સહેજમાં ઉઘાડી નાખે. આ કરંડિયો એની નજરે ચઢતાં એને વિચાર આવ્યો, 'આમાંથી જો સુખડી નીકળે તો મારી ભૂખડી ભાંગે અને મારા જાતિ ભાઈઓને પણ ઉજાણી થાય.'

ઉંદરના અણિયાળા દાંતને આ કરંડિયો તોડતા શી વાર ? ઉદ્યમી ઉંદરભાઈ કરંડિયામાં દાખલ થયા. ભૂખ્યા તરસ્યા સાપભાઈ મોં ફાડીને બેઠા હતા. ઉંદરભાઈ સીધા જ સાપભાઈના મોંમાં જઈને પડયા, ભાગ્યે સાપનું ભૂખનું દુઃખ દૂર કર્યું. શરીરમાં સ્ફૂર્તિ આવી. ઉંદરે પાડેલા કરંડિયાના કાણામાંથી બહાર નીકળી સર્પ જંગલના માર્ગે દોડી ગયો અને પોતાના વિયોગી સ્વજનોને મળ્યો આમ ઉદ્યમી ઉંદરનો ઉદ્યમ સાવ એળે ગયો અને નિરુદ્યમી સર્પ ફાવી ગયો.

કામફળા ! હજી વિચારી જુઓ, કર્મ કરે તે કરવાની તાકાત છે કોઈમાં ?

ઉદ્યમી માણસો વહાણમાં બેસી દરિયાપારની મુસાફરી કરે છે, પણ કર્મયોગે વહાણો ડૂબી જાય છે અને પ્રાણ પણ ખોવા પડે છે.

ઉદ્યમી ખેડૂત વાવેતર કરે છે, રખોપું કરે છે, છતાં કર્મયોગે ઊભો પાક સૂકાય છે. તીડ ખાઈ જાય છે. હીમથી બળી જાય છે.

કામફળા :- પંડિતજી ! તમે શાના પંડિત ? ખરેખર તો તમે મૂર્ખ લાગો છો કર્મ ગમે તેટલું કઠોર હશે પણ

ઉદ્યમ આગળ સાવ નાનું છે. નબળું છે. ઉદ્યમ શાહુકાર છે. કર્મ ચોર છે. ઉદ્યમ રાજા છે. કર્મ રંક છે.

રાજાઃ–'સૌ સાંભળો,' સભાજનો, પંડિતો અને કામકળા સૌના કાન સરવા થયા.

રાજા :– પંડિતજી! કર્મ જેવી કોઈ વસ્તુ છે એનો કોઈથી ઈન્કાર થઈ શકે તેમ નથી; પણ એ કર્મ તાળા જેવું છે. પુરૂષાર્થ એ તાળાને ખોલવાની ચાવી છે.

કર્મ ફળે છે પુરૂષાર્થથી. કર્મ ઘડાય પુરૂષાર્થથી એકલું કર્મ પાંગળું છે, એકલો પુરૂષાર્થ આંધળો છે. ભાગ્ય અને પુરૂષાર્થ પક્ષીની બે પાંખ જેવા છે. રથના બે પૈંડા જેવા છે. પ્રત્યેક કાર્યમાં ભાગ્ય અને પુરૂષાર્થ મુખ્ય–ગૌણ ભાવે રહેલા છે. રાજાની આ તર્કપૂર્ણ વાણીએ સૌના દિલને સચોટ સમાધાન આપ્યું. કોઈ પણ ઉદ્યમ વખતે નવા કર્મનું ઘડતર થતું હોય છે. એ ભાગ્ય (કર્મ) નબળું ન હોય તો નજીવા પુરૂષાર્થથી કાર્ય સિદ્ધ થાય છે.

પણ જો જો ધર્મસાધનામાં, આત્મકલ્યાણમાં પુરૂષાર્થ મુખ્ય છે, ત્યાં પ્રારબ્ધનું કામ તો માત્ર તમને ધર્મની સામગ્રી મેળવી આપવી એટલું જ.

રાજાએ પ્રારબ્ધ અને પુરૂષાર્થનો સમન્વય સાધી આપ્યો. સૌને એ વાત ખૂબ ગમી ગઈ. કામકળાને એ વાત રૂચી ગઈ. શિવશર્માને પણ રૂચિ ગઈ. સભાનું વિસર્જન થયું.

ચકોરને ટકોર સાનમાં....

એક મોટું નગર છે ત્યાં ઘણા તવંગરો વસે છે. વિમલશેઠ તેમાંના એક હતા. એમને ત્યાં પુણ્યયોગે લક્ષ્મીની છોળો ઉછળે છે સ્ત્રી પ્રેમાળ મળી છે. પુત્ર વિનીત મળ્યો છે. બંધુવર્ગ પણ સ્નેહપાત્ર છે. પાણીના પુરની જેમ સુખમાં દિવસો પસાર થાય છે. સુખ અને સાહ્યબી ભરપુર છે છતાં શેઠ પરલોક ભૂલ્યા નથી. મરવાનું ભૂલ્યા નથી. પુણ્યપાપને પણ ભૂલ્યા નથી.

આ સાહ્યબી, આ અમનચમન અને સત્તા કયાંસુધી? પુણ્ય જાગતું છે ત્યાંસુધી, પુણ્ય ખતમ થયે આમાંનું કશું જ નહિ રહે. હું અહિં જન્મ્યો ત્યારે કશું સાથે લાવ્યો ન હતો. મરીશ ત્યારે આમાંનું કશું જ સાથે લઈ જવાનો નથી. માટે પરલોકમાં સાથે આવે એવું કાંઈક દાન પુણ્ય કરું.'

શેઠના મનમાં હંમેશાં આ વિચારો ઘોળાયાં કરતા હતા. તેથી તેમણે એક મોટી દાનશાળા ખોલી. દાનશાળામાં અસંખ્ય ગરીબોને દાનમાં છૂટે હાથે જુવાર આપવા માંડી. પણ જુવાર છે હલકી અને સહેજ સડેલી. લક્ષ્મીની પ્રબળ મૂર્છા એકાદ સારું કામ પણ સારીરીતે ન કરવા દે. મોટી દાનશાળા ખોલી છે પણ એમાં અપાય છે સડેલી જુવાર! શેઠની પ્રશંસા થવા માંડી. ચોમેર કીર્તિ ફેલાઈ ભોળા માણસો તરફથી શેઠને 'દાનવીર'નું બિરૂદ પણ મળી

નથી. મિત્ર મિત્ર નથી. પત્ની પત્ની નથી. અને પુત્ર પુત્ર નથી.!

ધનદત્ત ઘરની બહાર ઓટલે બેઠો છે. ઘરમાં જતા આવતા માણસોને આ ધનદત્ત બલા જેવો લાગે છે. બપોરે બાર વાગ્યા. જમવાનો સમય થયો પણ કોઈએ ધનદત્તનો ભાવ ન પૂછયો. ધનદત્ત પણ ચકોર હતો. એ સમજી ગયો કે બેન મારી નહિ પણ પૈસાની, પોતાના સ્વાર્થની સગી છે.

'કર્મ તારી ગતિ ન્યારી' એમ મનોમન બોલીને ધનદત્તે ચાલવા માંડયું. પાડોશણે બેન લક્ષ્મીને કહ્યું-લક્ષ્મી બેન! તમારા ભાઈ તો જાય છે. લક્ષ્મીબેને ઘરની બહાર આવીને કહ્યું–બેન! એ મારા સગા ભાઈ નથી પણ મારા પિયરમાં રસોઈઆ હતા નાનપણથી અમે એમને ભાઈ કહીને બોલાવતા.

બેનની પાડોશણ સાથેની આ વાત જતાં જતાં ભાઈએ સાંભળી લીધી. એનું મન બંધુદ્રોહના પાપ સામે કારમું રૂદન કરી રહ્યું છે પણ એનો ધૈર્યમસ્ત આત્મા આનંદ મગ્ન છે સ્વાર્થ રાક્ષસના અટ્ટહાસ્ય સામે ધનદત્ત મધુર સ્મિત વેરતો વેરતો ચાલ્યો જાય છે.

એના મનમાં વિચારના ચક્રો ગતિમાન થયાં. ધનના મદમાં ચકચૂર બનેલી બેન સગા ભાઈને ભાઈ કહેતા શરમાઈ? આ તે કેવી શરમ? શરમ નહિ પણ સગાભાઈને રસોઈયો કહી દેવાની ભયંકર ધૃષ્ટતા છે. આ રે સંસાર! અંતે તો

તારી દુર્જનતા પ્રગટ કરી ખરી. તારી દુર્જનતાની આ પરાકાષ્ટા! બસ તને નવગજના નમસ્કાર! છેલ્લી સલામ! હવે કદી તારા ભરોસા કરવાના ન હોય!'

એક કવિરાજે કહ્યું છે—

सर्वं स्वार्थवशात् जनो विरमते नो कस्य को वल्लभः ॥

અર્થ: સંસારમાં સહુ સ્વાર્થની રમત રમી રહ્યા છે. સ્વાર્થ વિના કોઈ કોઈનું સગું કે વહાલું નથી.

ધનદત્તના આત્મામાંથી રાગનો કચરો દૂર થયો. મમતાનું બંધન તૂટ્યું, વૈરાગ્યનું બી પડયું. એણે બેનના ગામથી ચાલવા માંડયું. દૂર સુદૂર કોઈ નગરમાં જઈ મહેનત મજુરી કરવા માંડી. એમ કરતા થોડા સમય બાદ પુણ્યે યારી આપી અને વેપાર શરૂ કર્યો. વેપારમાં સારી એવી ફાવટ આવતી ગઈ. ધનદત્ત પાછો ધનકુબેર બની ગયો.

ધનદત્ત સમજતો હતો કે 'જીવન માટે ધન છે પણ ધન માટે જીવન નથી.' એથી એણે પરદેશનો વેપાર સમેટી લીધો અને ધનમાલ મિલ્કત સાથે દેશભણી એ પાછો ફર્યો. બેનને આ વાતની ખબર પડી કે અઢળક વૈભવ સાથે ભાઈ આવે છે. ભાઈ પણ ચાહીને બેનને ગામ આવે છે. બેન માથે શુકનનું બેડું લઈને સાહેલીઓ સાથે ગીતો ગાતી ગાતી ભાઇની સામે જાય છે. ભાઈને જોઈને બેન ઘેલી ઘેલી થાય છે. ભારે હેત દેખાડી કંકુનું તિલક કરે છે. તેમજ ચોખાથી ભાઇને વધાવે છે અને

લક્ષ્મી! તું સુલક્ષણી જેણે પઢાવ્યો રામ
પેલે ફેરે આવીયો ચુલા ફુંકણ નામ.

જે કાંઈ ટકોર કરવી હતી તે આ દુહા દ્વારા કરીને ભાઈએ કહ્યું હે બેન! આ વીંટી, હાર...બધું તને ભેટ. બધું પ્રેમથી બેનને આપી ભાઈએ કહ્યું—આમાં તારો કાંઈ જ વાંક નથી. આ સંસાર જ એવો છે કે જેમાં કેવળ સ્વાર્થની રમત ચાલે છે. પુણ્ય તપતું હોય તો જ બેન પણ ભાઈ! વીરા! કરતી આવે.

ચાર દિવસની ચાંદની જેવા આ વૈભવમાં હું હરગીજ રાચવાનો નથી. હવે તો મારે મારું બાકીનું જીવન આત્મ-કલ્યાણની સાધનામાં પસાર કરવું છે........

ધનદત્તની વેધક અને બોધક વાણીએ એકત્ર થયેલા સહુના દિલ ડોલાવી નાખ્યા, પરાયું, પરાધીન અને જેને મૂકીને જવાનું છે એની મમતા મૂકી દેવામાં જ સજ્જનતા અને સાધુતા છે એ સમજાવી દીધું સહુના આંતર–ચક્ષુ ખોલી સંસારની વિચિત્રતાનું દર્શન કરાવ્યું. ધર્મપ્રેમની જ્યોત જગાવી દીધી.

ધનદત્તે જમીને તરત જ વિદાય લીધી. પોતાની દુઃખીયારી પત્નીને આશ્વાસન આપવા એનું દિલ તલપાપડ બની ગયું છે. પત્નીને પતિદેવની સમૃદ્ધિના સમાચાર મળી ગયા છે. પતિની કાગ ડોળે રાહ જોઈને જ એ બેઠી છે, ટયાંય થોભ્યા વિના ધનદત્ત પોતાના ગામે પહોંચ્યો.

સ્વજનોને મળ્યો. પત્નીને પણ ભેટયો. શાંતિના સમયે ધનદત્તે ખૂબ સમતોલપણે પત્નીને સંસારની સ્વાર્થ લીલાનો પરિચય આપ્યો. પુણ્યની અકળ કળા સમજાવી. કર્મની ક્રૂર કરામતનો ખ્યાલ આપ્યો અને સુખની ક્ષણભંગુરતા સારી રીતે મગજમાં ઠસાવી, એથી પત્નીનો આત્મા પણ જાગી ગયો. આત્મા જાગે એટલે સંસારનો રસ ઉડી જાય. પછી વૈભવ તણુખલા જેવો લાગે.

સાચો વૈરાગ્ય ત્યાગને ખેંચી લાવે જ. ધનદત્તે સૂર્ય-માલામાં પણ ત્યાગ વૈરાગ્યની જ્યોત જગાવી દીધી.

પુણ્યશાળી યુગલે ક્ષણિક વૈભવનો ત્યાગ કરી સાધુ જીવનની સાધનાથી આત્માને રસ ભીનો બનાવી દીધો. પુણ્યયુગલનો જન્મ મંગલમય થયો; જીવનમંગળમય બન્યું, મુત્યુ અને પરલોક પણ મંગળમય બની જવાના.



ગ્રંથમાળાના માનવંતા મેમ્બરોની નામાવલી

રૂ. ૨૦૧, જૈન સંઘ જ્ઞાનખાતું.........................નડિયાદ

રૂ. ૨૫૧, શા. માણેકલાલ મોહનલાલ ગિરધરનગર અમદાવાદ.

રૂ. ૧૦૧ ભરનાર લાઇફ મેમ્બરો

૧ શા. અંબાલાલ અમૃતલાલ — બોરસદ
૨ ,, ભાઈલાલ અમૃતલાલ — ,,
૩ ,, બાપુલાલ અમૃતલાલ — ,,
૪ ,, ચંદ્રવદન સોમચંદભાઇ — ,,
૫ ,, અમૃતલાલ બાપુલાલ — ,,
૬ ,, મણિલાલ બાપુલાલ — ,,
૭ ,, પોપટલાલ છોટાલાલ C/o મે. જયંતિલાલ છોટાલાલ — ,,
૮ ,, માણેકલાલ હીલાભાઇના શ્રેયાર્થે તેમના કુટુંબીજનો — ,,
૯ ,, શ્રી કર્પૂરામૃતસૂરીશ્વર જ્ઞાનમંદિર — ,,
૧૦ શા. બાપુલાલ મોતીલાલ — નડીયાદ
૧૧ ,, રમણલાલ ડાહ્યાલાલ — ,,
૧૨ ,, ચીમનલાલ ભીખાભાઇ — આણંદ
૧૩ શ્રી આણંદ જૈન સંઘ — ,,
૧૪ શ્રી દેહરોડ જૈન સંઘ — દેહરોડ
૧૫ શ્રી દહીસાવ જૈન સંઘ પૂ. જિનપ્રભ વિ.મ.ના ઉપદેશથી
૧૬ શા. રાયચંદ જસરાજજી — બાલેરાવ
૧૭ શ્રી ધર્મતીર્થ શાંતિ જૈન લાયબ્રેરી — સામ્રેડી
૧૮ શા. ટેકચંદ નથમલજી — નાણા
૧૯ ,, ચંદુલાલ નાગરદાસ — ધરાદ
૨૦ શ્રી વીસાશ્રીમાળી દશાશ્રીમાળી જૈનસંઘ — માણસા
૨૧ શા, સોમચંદભાઈ ફુલચંદભાઈ

૨૨ ,, ચીમનલાલ દોલતરામ	માણસા
૨૩ ,, લીલાચંદ કનૈયાલાલ	પુના (ખડકી)
૨૪ ,, શંકરલાલ ખુમાજી	પુના
૨૫ ,, નગીનભાઈ ભાઇચંદ	સમૌ
૨૬ ,, સાકળચંદ દેવીચંદ	વાલી
૨૭ ,, ચંદુલાલ મોહનલાલ C/o ચેમ્પીયન વૉચ સર્વીસ	મુંબઈ
૨૮ ,, મીશ્રીમલજી શેપમલજી રાણીગામ નંદિવર્ધન વિ.મ.ના ઉપદેશથી	
૨૯ ,, પુખરાજ હીરાચંદજી રાંકા	સાદડી
૩૦ અ. સૌ. ભીખીબેન તારાચંદ બાપુચંદ	નિપાણી
૩૧ અ સૌ. પુષ્પાવતી પોપટલાલ પ્રેમચંદ	કરાડ
૩૨ શ્રી રાજકાવાડ જૈન સંઘ હ. ચંદુલાલ હઠીસીંગ	પાટણ
૩૩ ,, સરીયદ જૈન સંઘ હ. ઉત્તમલાલ લહેરચંદ	સરીયદ
૩૪ શા. ધારશીભાઈ માણેકચંદ	સુરેન્દ્રનગર
૩૫ ,, રતનશી જેઠાભાઈ	સાંગલી
૩૬ ,, કસ્તુરચંદ સરૂપચંદ પાટણવાળા	મુંબઈ
૩૭ શ્રી મસૂર જૈન સંઘ	મસૂર
૩૮ શા. રાયચંદ નાનચંદ	મુંબઇ
૩૯ ,, બંસીલાલ અંબાલાલ ઝવેરી ખંભાતવાળા	મુંબઈ
૪૦ ,, તાનુબેન ભીખુલાલ	ચેતગામ
૪૧ ,, ભભુતમલ પુનમચંદજી	પાડીવવાળા
૪૨ ,, ચીમનલાલ બકોરદાસ	સરસપુર અમદાવાદ
૪૩ ,, ભોગીલાલ કેશવલાલ કડીવાળા	અમદાવાદ
૪૪ ,, શાંતિલાલ સોમચંદ ચોકસી (ભાણાભાઇ)	ખંભાત
૪૫ ,, પ્રેમચંદજી માલાજી પૂ. ભાવ વિ. મ.ની પ્રેરણાથી	એલુર
૪૬ ,, હિન્દુમલ જિતરાજ રાઠોડ	કોલ્હાપુર
૪૭ શા. પોપટલાલ છગનલાલ	માણસા

૪૮ ,, મોતીલાલ જીવરાજભાઈ મહેતા — મુંબઈ
૪૯ ,, જીવરાજ નાનચંદ ચાવાળા — સુરત
૫૦ ,, નટવરલાલ લલ્લુભાઈ — નડિયાદ
૫૧ ,, અંબાલાલ ખેમચંદ — ,,
૫૨ ,, મણીલાલ ભગવાનદાસ હ. કંચનબેન સિહોરવાળા — ,,
૫૩ ,, કનુભાઈ હીરાલાલ — ,,
૫૪ ,, રાજમલ ઉગરચંદ વહોરા થરાદવાળા — ,,
૫૫ પૂ. રત્નસુંદર વિ. મ. દેવસુંદર વિ.મ.ની દીક્ષા નિમિત્તે
એક સદ્ગૃહસ્થ દેપલા
૫૬ ,, કેશવલાલ બકોરદાસ ગાંધી હ. પોપટલાલ કેશવલાલ
સરસપુર અમદાવાદ
૫૭ અ. સૌ. હેમલતાબેન ચંદ્રકાન્તભાઈ — માંડા
૫૮ શા. રતનલાલ નાગરદાસ વકતા — અમદાવાદ

દસવર્ષીય

૫૯ ,, ગગલદાસ દોલચંદ થરાદવાળા — અમદાવાદ

પંચવર્ષીય

૬૦ ,, ચંદુલાલ ત્રિકમલાલ — અમદાવાદ
૬૧ ,, અમૃતલાલ જીવરાજ — સિહોર
૬૨ ,, હીંમતમલ જશરુપજી — ખુડાલા

રૂ. ૫૦૦૧, જેવી માતબર રકમનું દાન કરી જેઓ પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળાના પ્રાણદાતા બન્યા છે.



ધર્માનુરાગી
શાહ ચીમનલાલ
ભીખાભાઈ
આણંદ

ધર્માનુરાગિણી
અ. સૌ. કલાવતી બહેન
ચીમનલાલ શાહ
આણંદ

પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળાને આર્થિક સહકાર આપવાના પ્રકારો

રૂ. ૨૫૧, આપનારનો કોઈ પણ એક પુસ્તકમાં ફોટો મૂકાશે
રૂ. ૧૦૧, ,, લાઈફ મેમ્બર ગણાશે.
રૂ. ૫૧, ,, દસવર્ષીય ,, ,,
રૂ. ૨૫, ,, પંચવર્ષીય ,, ,,
રૂ. ૧૧, ,, દ્વિવર્ષીય ,, ,,

* મેમ્બરોના નામ આ સંસ્થાના દરેક પુસ્તકમાં છપાશે.
* દર વર્ષે છપાતા પુસ્તકો મેમ્બરોને ભેટ મળશે.
* સંસ્થાના કાર્યાલયો બોરસદ, અમદાવાદ બે ઠેકાણે છે.
* નાણું ભરનારને બંને સ્થળેથી પાકી પહોંચ મળશે.
* ઉપર્યુક્ત કોઈપણ પ્રકારે સંસ્થાને આપનો આર્થિક સહકાર મળશે તો આ સંસ્થા વિરાટ સ્વરૂપ ધારણ કરશે.

લિ. સંસ્થાના કાર્યવાહકો:

૧ શા. ચંપકલાલ ચતુરદાસ બોરસદ.
૨ શા. બીપીનચંદ્ર શાંતિલાલ અમદાવાદ.
૩ શા. રસિકલાલ રામચંદ અમદાવાદ.
૪ શા. વિનોદચંદ્ર શાંતિલાલ અમદાવાદ.

-પત્રવ્યવહારનું સરનામું-

૧. શા. ચંપકલાલ ચતુરદાસ.
ઠે. કાશીપુરા, મુ. બોરસદ, વાયા-આણંદ
૨. શા. વિનોદચંદ્ર શાંતિલાલ
૨૭૦૮, જળકુંડી બીલ્ડીંગ,
નીશાપોળના નાકે, રીલીફરોડ, અમદાવાદ

અમારા પ્રકાશનનોની ગૌરવગાથા

પદ્મસૌરભ : આ પ્રકાશન મુક્તિની મંગલસાધનાના માર્ગે પ્રયાણ કરનાર મુમુક્ષુ આત્માઓને માર્ગમાં સહાયક બને તેવું ભવ્ય પાથેય પીરસે છે વિનય, વૈરાગ્ય, સંતોષ જ્ઞાન, તપ, પર્યુષણ, પ્રસંગરંગ, મનનમધુ, ધર્મામૃત તેમજ નમસ્કારમહામંત્ર ઉપરના ૯ મનનીય લેખો સ્વાધ્યાયની અપૂર્વ રસલ્હાણ કરાવે તેવા છે. આરાધકવર્ગને આરાધનામાં જાગૃતિનો સંદેશ સુણાવી જાય છે.

ભાગ્યના ખેલ : ૧, રતનનાં અજવાળાં ૨, ભવસાગરના તરનારા ૩, ત્યાગધર્મનાં તાળાં–આ ત્રણ રસમય વાર્તાઓનું આ પુસ્તક હાથમાં લીધા પછી મૂકવું ગમતું નથી.

પદ્મપરિમલ : પૂ. ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી પદ્મવિજયજી ગણિવરશ્રીએ સાધુભગવંતો પર લખેલા પત્રોનો સંચય આ પુસ્તકમાં છે. પુસ્તકના શબ્દે શબ્દે ચૈતન્ય ભરેલું છે. પ્રમાદને ભગાડવાનું સામર્થ્ય રહેલું છે આરાધનાની ભવ્યપ્રેરણાનો શ્રોત વહે છે આ પત્રસંચયમાં.

દીવાદાંડી ભા. ૧ : ભવસાગરની મુસાફરીમાં ભવ્યાત્માઓને સાચેજ આ પુસ્તક દીવાદાંડીની ગરજ સારે તેવું છે. ખડકોથી પથરાયેલા સાગરમાં કુશળ નાવિકને પણ મુંઝવણો ઊભી થાય છે ત્યાં માર્ગદર્શ[illegible]

છે, આ પુસ્તકે પણ અનેકોના જીવનનાવને સલામત માર્ગે વાળ્યું છે.

સંયમના સૌંદર્ય: જેના પાને પાને સર્વકલ્યાણકર ચારિત્રધર્મની સુવાસ મહેંકે છે તે આ નાનકડાં પુસ્તકમાં મહાપુરુષોના મહાન ત્યાગનું શાંત શૈલીમાં સુમધુર આલેખન થયું છે.

મહાસાગરનાં મોતી: શ્રુતસાગરના અગાધજલમાં ડુબકી મારનાર કોઈ વિરલ મરજીવાને મળતા મહામુલા આઠ મોતીની આછી રૂપરેખા આમાં અપાઈ છે. આઠ પ્રવચન માતા રૂપ બેનમૂન આઠ મોતીના સ્વરૂપ સાથે બીજી પણ કેટલીક ધાર્મિક લેખસામગ્રીથી સભર આ પુસ્તક છે.

લિ. શા. વિનોદચંદ્ર શાંતિલાલ



આત્મદર્શન

આધ્યાત્મિક વિકાસનો પાયો આત્મદર્શન છે, સંસારનો
પક્ષપાતી જીવ જડપુદ્દગલના ચમકદાર પર્યાયોને જોવામાં
અને જાણવામાં આત્મદર્શનથી વેગળો રહે છે. જડના
પર્યાયોને ઠીકઠાક કરવામાં, બગડેલાને સુધારવામાં, સુધરે-
લાને સુશોભિત બનાવવામાં અને સુશોભિત બનેલાને
તે રૂપે ટકાવવામાં આત્માને બરબાદ કરી રહ્યો. છે. જડ
પાછળની આ આંધળીયા દોટ જીવ અનંત કાળથી કરી
રહ્યો છે.

આત્મદર્શનના કોઈ તેજ લીસોટામાં જીવનની દિશા
જો પલટાય તો જડપુદ્દગલના પર્યાયો ઠીક થયા કે બગડયા
એના વિચારોથી આત્મા તદ્દન પરાઙ્મુખ બની જાય અને
આત્માના જ્ઞાનાદિ પર્યાયોમાં વાયુવેગી વિકાસ સાધવા
કેસરીયાવૃત્તિ અપનાવે.

સિદ્ધાવસ્થાની ગહનગંભીરતા, નિર્મળ જ્ઞાનપ્રકાશ અને
આત્માની પરમોજ્વલતા તેમજ વર્તમાનમાં આત્માની અતિ–
તુચ્છતા, કારમું અજ્ઞાન, અને કર્મમલિનતા વચ્ચે આકાશ-
પાતાળ જેવું અમેય અંતર હોવા છતાં આત્મદષ્ટા મહાનુ-
ભાવ એ અંતરને કાપવા ભગીરથ પુરુષાર્થ આદરે છે. સ્વ-
જનધૂનન ઉપકરણ ધૂનન, કર્મધૂનનાદિ દ્વારા અસંગભાવના
શિખરને સર કરી અનંતજ્ઞાનજ્યોતિ પ્રગટાવી એ જ્યોતિને
સિદ્ધપરમાત્માઓની પરમજ્યોતિમાં મિલાવી દે છે.

—પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવ પંન્યાસપ્રવર
શ્રી પદ્મવિજયજી ગણિવરના પત્રમાંથી...

મુદ્રક : ભાલચંદ્ર ડાહ્યાભાઈ પટેલ, કીરીટ પ્રિન્ટરી રતનપોળ, અમદાવાદ